(૨) મિસ્વાક એક વેંત કરતાં વધારે લાંબી ન હોય. (બહરુર્રાઈક)

(૩) હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''દાતણ કરેલ વુઝૂ

સ.થેની બે રકાત નમાઝ એવી ૭૦ (સિત્તેર) રકાતોથી ઉત્તમ (અફઝલ) છે, જેનાં વુઝૂમાં દાતણ ન કરાઈ હોય.'' (અબૂ નઈમ)

વુઝૂની સુન્નતો

વુઝૂમાં ૧૮ (અઢાર) સુન્નતો છે. એને અદા કરવાથી કામિલ (સંપૂર્ણ) તરીકાથી વુઝૂ થઈ જશે.

૧. વુઝૂની નિય્યત કરવી. દાખલા તરીકે :

હું નમાઝ સહીહ થવા માટે વુઝૂ કરું છું.

(૨) **"બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ"** પઢીને વુઝૂ કરવું. કેટલીક રિવાયતોમાં વુઝૂની 'બિસ્મિલ્લાહ' આ પ્રમાણે આવી છે :

بِسْمِ اللّٰهِ الْعَظِيْمِ وَالْحَمْدُ لِلّٰهِ
عَلٰى دِيْنِ الْاِسْلَامِ

"બિસ્મિલ્લાહિલ અઝીમિ વલ્હમ્દુલિલ્લાહિ અલા દીનીલ ઈસ્લામ."

(૩) બંને હાથોને કાંડા સુધી (પહોંચા સુધી) ત્રણ વખત ધોવા.

(૪) મિસ્વાક કરવું. જો મિસ્વાક ન હોય તો આગળીથી દાંતોને ઘસવા.

(૫) ત્રણ વખત કુલ્લી (કોગળા) કરવા.

(૬) ત્રણ વખત નાકમાં પાણી ચઢાવવું.

(૭) ત્રણ વખત નાક સાફ કરવુ.

(૮) દરેક અંગને ત્રણ—ત્રણ વખત ધોવું.

(૯) ચહેરો ધોતી વેળા દાઢીનો ખિલાલ કરવે..

(૧૦) હાથો અને પગોને ધોતી વખતે આંગળીઓનો ખિલાલ કરવો.

(૧૧) એક વખત આખા માથાનો મસહ કરવો.

(૧૨) માથાના મસહની સાથે કાનોનો મસહ કરવો.

(૧૩) વુઝૂના અંગોને મસળી મસળીને (ઘસી ઘસીને) ધોવા.

(૧૪) પય દર પય (નિરંતર) વુઝૂ કરવું.

(૧૫) તરતીબવાર (ક્રમવાર) વુઝૂ કરવું.

(૧૬) જમણી તરફથી પ્રથમ ધોવું.

(૧૭) વુઝૂ કર્યા પછી કલિમએ શહાદત પઢવું :

اَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ
لَهٗ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ ط

તે પછી આ દુઆ પઢવી :

اَللّٰهُمَّ اجْعَلْنِيْ مِنَ التَّوَّابِيْنَ
وَاجْعَلْنِيْ مِنَ الْمُتَطَهِّرِيْنَ ط

નોંધ :

આ દુઆ વિશે મુલ્લા અલી કારી (રહ.)એ ફરમાવ્યું છે કે, વુઝૂમાં જાહેરી તહારત (પાકી) છે. આ દુઆ વડે બાતિની (આંતરિક) તહારતની દરખાસ્ત પેશ કરવામાં આવી છે. પ્રથમ (જાહેરી તહારત) ઈખ્તિયારી હતી, તે આપણે કરી લીધી, હવે (હે અલ્લાહ !) આપ પોતાની રહમતથી અમારા બાતિન (દિલ)ને પણ પાક કરી દો !

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْاَ السَّمٰوٰتِ وَمِلْاَ الْاَرْضِ وَمِلْاَ الْعَرْشِ الْعَظِيْمِ ط

ગુસલ કરવાનો મસનૂન તરીકો

પ્રથમ બંને હાથોને પહોંચા (કાંડા) સુધી ત્રણ વખત ધોવા.

તે પછી (શરીર પર) કોઈ જગાએ મની (વીર્ય) કે બીજી કોઈ નાપાકી લાગેલી હોય તો તેને ત્રણ વખત (ધોઈને) પાક કરો.

તે પછી નાનો અને મોટો બંને ઈસ્તિન્જા કરો (ભલે, જરૂરત ન હોય).

તે પછી મસનૂન તરીકા પ્રમાણે વુઝૂ કરો. જો ગુસલનું પાણી પગ આગળ ભેગું થતું હોય તો પગ ન ધોવા, ત્યાંથી અલગ થયા પછી ધોવા. નહિતર તે જ વખતે પગ ધોવા જાઈઝ છે.

હવે પાણી પ્રથમ માથા ઊપર રેડો, પછી જમણા ખભા પર. પછી ડાબા ખભા પર (એટલું પાણી રેડો કે માથાથી પગ સુધી પહોંચી જાય). બદન (શરીર)ને હાથો વડે મસળો.

આ એક વખત થયું.

ફરી પાછું બીજી વખત એ જ પ્રમાણે પાણી રેડો. પ્રથમ માથા પર, પછી જમણા ખભા પર, પછી ડાબા ખભા પર. (જ્યાં શરીરનો ભાગ સૂકો રહી જવાનો અંદેશો હોય ત્યાં હાથ મસળીને (ઘસીને) પાણી વહાવવાની કોશિશ કરો).

તે પછી ફરી પાછું ત્રીજી વખતે એ જ પ્રમાણે માથાથી પગ સુધી પાણી વહાવો. *('તિરમિઝી')*

સૂચના :

ગુસલ કર્યા પછી બદન (શરીર)ને કપડા (કે ટૂવાલ) વડે લૂછવું પણ સાબિત છે અને ન લૂછવું પણ સાબિત છે. એટલે બંને રીતોમાંથી જે રીત પણ અપનાવે તે સુન્નત હોવાની નિય્યત કરી લે. *('મિશ્કાત')*

મસ્જિદમાં દાખલ થવાની સુન્નતો

(૧) જમણો પગ મસ્જિદમાં (પ્રથમ) દાખલ કરવો.

(૨) બિસ્મિલ્લાહ પઢવું.

(૩) દુરૂદ શરીફ પઢવું, દાખલા તરીકે :–

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلٰی رَسُوْلِ اللّٰہِ
صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ط

"અસ્સલાતુ વસ્સલામુ અલા રસૂલિલ્લાહિ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ."

(૪) દુઆ પઢવી :–

اَللّٰھُمَّ افْتَحْ لِیْ اَبْوَابَ رَحْمَتِکَ ط

"અલ્લાહુમ્મફ્તહ્લી અબ્વા-બ રહ્મતિક."

(૫) એ'તિકાફની નિય્યત કરવી.

એ'તિકાફની નિય્યત :

بِسْمِ اللّٰهِ دَخَلْتُ وَعَلَيْهِ تَوَكَّلْتُ
وَنَوَيْتُ سُنَّةَ الْاِعْتِكَافِ

"બિસ્મિલ્લાહિ દખલ્તુ વ અલયહિ તવક્કલતુ વ નવય્તુ સુન્નતલ ઈઅ્તિકાફ."

❑

નમાઝની એકાવન સુન્નતો છે

કિયામમાં ૧૧ (અગિયાર) સુન્નતો છે :

(૧) તકબીરે તહરીમા વખતે સીધા (ટટાર) ઊભા રહેવું. અર્થાત્ માથું ઝુકાવવું નહિ.

(૨) બંને પગોની વચ્ચે ચાર આંગળીઓ જેટલું અંતર રાખવું તેમજ પગોની આંગળીઓને કિબ્લા તરફ રાખવી.

(૩) મુક્તદીની તકબીરે તહરીમા ઈમામની તકબીરે તહરીમાની સાથે હોવી.

(૪) તકબીરે તહરીમા કહેતી વખતે (પુરુષોએ) બંને હાથોને કાન સુધી ઉઠાવવા.

(૫) તકબીરે તહરીમા વખતે હાથની હથેળીઓને કિબ્લા તરફ રાખવી.

(૬) તકબીરે તહરીમા વખતે હાથની આંગળીઓને પોતાની અસલ સ્થિતિમાં રાખવી અર્થાત્ ન વધારે પહોળી કરવી, ન વધારે સંકોચવી.

(૭) હાથ બાંધતી વખતે જમણા હાથની હથેળીને ડાબા હાથની હથેળીની પીઠ ઉપર મૂકવી.

(૮) પુરુષોએ જમણા હાથની ટચલી (નાની) આંગળી અને અંગૂઠા વડે વર્તુળ બનાવીને ડાબા હાથનું કાંડું પકડવું.

(૯) વચલી ત્રણ આંગળીઓને ડાબા હાથની કલાઈ (કોણી અને કાંડા વચ્ચેના ભાગ) પર મૂકવી.

(૧૦) પુરુષોએ નાફ (દૂંટી—નાભિ)ના નીચે હાથ બાંધવા.

(૧૧) 'સના' અર્થાત્ 'સુબ્હાનકલ્લાહુમ્મ...' પઢવું.

કિરાઅતની સાત સુન્નતો

(૧) 'તઅવ્વુઝ' અર્થાત્ 'અઊઝુ બિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ' પઢવું.

(૨) 'તસ્મિયહ' અર્થાત્ 'બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ' પઢવું.

(૩) ધીમેથી 'આમીન' કહેવું.

(૪) ફજર અને ઝોહરમાં 'તિવાલે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'હુજૂરાત'થી સૂરએ 'બુરૂજ' સુધી.

અસર અને ઇશામાં 'અવસાતે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'બુરૂજ'થી સૂરએ 'લમ યકુન' સુધી અને

મગરિબમાં 'કિસારે મુફસ્સલ' અર્થાત્ સૂરએ 'ઈઝા ઝુલઝિલત'થી સૂરએ 'નાસ' સુધીની સૂરતોમાંથી (કોઈ સૂરત) પઢવી.

(૫) ફજરની પહેલી રકાત લાંબી કરવી.

(૬) કુર્આન ન વધારે ઉતાવળથી પઢવું, ન વધારે થોભીને પઢવું, બલકે મધ્યમ ઝડપથી પઢવું.

(૭) ફર્ઝ (નમાઝ)ની ત્રીજી અને ચોથી રકાતમાં માત્ર સૂરએ 'ફાતિહા' (અલ્હમ્દુ શરીફ) પઢવું.

રુકૂઅની આઠ સુન્નતો

(૧) રુકૂઅની તકબીર કહેવી.

(૨) પુરુષોએ (રુકૂઅમાં) બંને હાથ વડે ઘૂંટણ પકડવા.

(૩) હાથની આંગળીઓ પહોળી કરીને ઘૂંટણ પકડવા.

(૪) પગની પિંડીઓને સીધી (ટટાર) રાખવી.

(૫) રુકૂઅમાં પુરુષોએ પીઠ બીછાવી દેવી.

(૬) રુકૂઅમાં પુરુષોએ સર અને સુરીન (માથું અને થાપો) સીધી લીટીમાં રાખવા.

(૭) રુકૂઅમાં ઓછામાં ઓછું ત્રણ વખત **"સુબ્હાન રબ્બિયલ અઝીમ"** પઢવું.

(૮) રુકૂઅથી ઊઠતી વખતે

ઇમામે **"સમિઅલ્લાહુ લિમન હમીદહ"** કહેવું.

મુક્તદીએ **"રબ્બના લકલ હમ્દ"** કહેવું અને

મુન્ફરિદે (એકલા નમાઝ પઢનારે) બંને કહેવું.

સિજદહની બાર સુન્નતો

(૧) સિજદહની તકબીર કહેવી.

(૨) સિજદહમાં પ્રથમ બંને ઘૂંટણો જમીન ઉપર મૂકવા.

(૩) તે પછી બંને હાથોને જમીન ઉપર મૂકવા.

(૪) તે પછી નાક જમીન ઉપર મૂકવું.

(૫) તે પછી પેશાની (કપાળ) જમીન ઉપર મૂકવી.

(૬) બંને હાથોની વચ્ચે સિજદહ કરવો.

(૭) પુરુષોએ સિજદહમા પેટને જાંઘથી અલગ રાખવું.

(૮) પુરુષોએ બાઝૂ (બાવડું અર્થાત્ હાથની કોણી અને ખભા વચ્ચેનો ભાગ) પેહલૂ (પડખાં, પાસાં)થી અલગ રાખવું.

(૯) પુરુષોએ હાથની કોણીઓને જમીનથી અલગ રાખવી.

(૧૦) સિજદહમાં ઓછામાં ઓછું ત્રણ વખત

"સુબ્હાન રબ્બિયલ આ'લા" પઢવું.

(૧૧) સિજદહથી ઊઠવાની તકબીર કહેવી.

(૧૨) સિજદહથી ઊઠતી વખતે :

પ્રથમ પેશાની, પછી નાક, પછી હાથ અને તે પછી ઘૂંટણો (એ પ્રમાણે ક્રમવાર) ઉઠાવવ. તેમજ બંને સિજદહ દરમ્યાન ઈત્મીનાનથી બેસવું.

કાઈદહની તેર સુન્નતો

(૧) કાઈદહમાં પુરુષોએ જમણો પગ (પંજો) ઊભો રાખવો અને ડાબો પગ (પંજો) બિછાવીને તેના પર બેસવું તેમજ પગની આંગળીઓને કિબ્લા તરફ રાખવી.

(૨) કાઈદહમાં બંને હાથોને જાંઘ ઉપર મૂકવા.

(૩) 'તશહ્હુદ' (અર્થાત્ અત્તહિય્યાત)માં 'અશહદુ અંલ્લા ઈલા—હ' પર શહાદતની આંગળી ઉઠાવવી અને 'ઈલ્લલ્લાહ' પર ઝુકાવી દેવી.

(૪) છેલ્લા કાઈદહમાં દુરૂદ શરીફ (દુરૂદે ઈબ્રાહીમ) પઢવું.

(૫) દુરૂદ શરીફ (દુરૂદે ઈબ્રાહીમ) પઢય પછી કુર્આન કે હદીસમાં આવી હોય તેવી કોઈ દુઆ પઢવી.

(૬) બંને તરફ સલામ ફેરવવી.

(૭) સલામની શરૂઆત જમણી બાજુથી કરવી.

(૮) સલામ ફેરવતી વખતે ઇમામે મુક્તદીઓ, ફરિશ્તાઓ અને નેક જિન્નાતને સલામ કરવાની નિય્યત કરવી.

(૯) સલામ ફેરવતી વખતે મુક્તદીએ ઇમામ, ફરિશ્તાઓ, નેક જિન્નાત અને જમણી–ડાબી બાજુના મુક્તદીઓને સલામ કરવાની નિય્યત કરવી.

(૧૦) મુન્ફરિદે (એકલા નમાઝ પઢનારે) માત્ર ફરિશ્તાઓને સલામ કરવાની નિય્યત કરવી.

(૧૧) મુક્તદીએ ઇમામની સાથે સલામ ફેરવવી.

(૧૨) ઇમામે બીજી સલામના અવાજને પહેલી સલામના અવાજ કરતાં ધીમો (મંદ) કરવો.

(૧૩) મસ્બૂકે (જેની શરૂઆતની રકાત છૂટી ગઈ હોય તેણે) ઇમામના ફારિગ થવાનો ઈન્તિઝાર કરવો.

સૂચના :

હાથની આંગળીઓ રુકૂઅમાં પહોળી થયેલી અને સિજદહમાં ભેગી થયેલી રાખવી. *('નુરુલ ઈઝાહ'માંથી)*

ઔરતોની નમાઝમાં ખાસ તફાવત :

(૧) તકબીરે તહરીમા વખતે પોતાના બંને હાથ ખભા સુધી ઉઠાવે; પરંતુ હાથોને દુપટ્ટા (ઓઢણી)માંથી બહાર ન કાઢે.

(૨) હાથોને સીના પર બાંધે.

જમણા હાથની હથેળીને માત્ર ડાબા હાથની હથેળીની પીઠ ઉપર મૂકી દે. (મર્દોની જેમ નાની આંગળી અને અંગૂઠા વડે વર્તુળ બનાવીને હાથનું કાંડું ન પકડે.)

બંને બાઝૂઓ (બાવડાં અર્થાત્ હાથનો કોણીથી ખભા સુધીનો ભાગ)ને

પેહલૂઓ (પડખાં, પાસાં) સાથે ખૂબ મેળવીને રાખે.

બંને પગની ઘૂંટીઓને બિલકુલ મેળવી દે.

(૩) સિજદહમાં પગો (પંજાઓને આંગળી પર) ઊભા ન રાખે; બલકે જમણી બાજુ (બહાર) કાઢે.

સિજદહ ખૂબ સંકોચાઈને અને દબાઈને એવી રીતે કરે કે પેટ બંને જાંઘોની સાથે તેમજ બંને બાઝૂઓ (બાવડાં) બંને પેહલૂઓની સાથે ભેગાં મળી જાય.

સિજદહમાં બંને હાથની કોણીઓને જમીન પર મૂકી દે.

(૪) કાઈદહમાં બેસે ત્યારે બંને પગોને જમણી તરફ (બહાર) કાઢે.

બંને હાથોને જાંઘ પર મૂકી દે.

હાથની આંગળીઓને ખૂબ મેળવીને રાખે.

નમાઝના તે આદાબ જે બધાં માટે એકસરખાં છે :

કિયામ (ઊભા રહેવાની હાલત)માં સિજદહની જગાએ નજર રહે.

રુકૂઅની હાલતમાં પગો પર નજર રહે.

સિજદહની હાલતમાં નાક પર નજર રહે અને

સલામ ફેરવતી વખતે ખભા પર નજર રહે.

બગાસું આવે તો તેને ખૂબ બળપૂર્વક રોકે, છતાં જો ન રોકાય તો જમણા હાથની હથેળીની પીઠ વડે રોકે.

જો ખાંસી આવે એવું લાગે તો તેને પણ રોકવાની કોશિશ કરે તથા કાબૂ રાખે.

સિર્રી નમાઝ (ઝોહર અને અસર)માં એટલા અવાજે પઢે કે પોતે

સાંભળી શકે.

સલામ ફેરવ્યા બાદ

એક વખત **"અલ્લાહુ અકબર"** કહે.

તે પછી ત્રણ વખત **"અસ્તગફિરુલ્લાહ"** કહે જેમાં છેલ્લી વખતે જરા ખેંચીને (લંબાવીને) પઢે.

ફર્ઝ નમાઝ પછી નીચેની દુઆઓ પઢે :

اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ وَمِنْكَ
السَّلَامُ تَبَارَكْتَ يَاذَا الْجَلَالِ
وَالْاِكْرَامِ ط

(૧) **"અલ્લાહુમ્મ અન્તસ્સલામ, વ મિન્કસ્સલામ, તબારક્ત યા ઝલ્જલાલિ વલ્ઈકરામ."** *(ફત્હુલ કદીર ભાગ-૧, પા. ૪૩૯)*

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ
لَهٗ لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ
عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

(૨) **"લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહ્દહૂ લા શરી-ક લહૂ લહુલ મુલ્કુ વ લહુલ હમ્દુ વ હુવ અલા કુલ્લિ શયઈન કદીર."**

اَللّٰهُمَّ لَا مَانِعَ لِمَا اَعْطَيْتَ وَلَا
مُعْطِيَ لِمَا مَنَعْتَ وَلَا يَنْفَعُ
ذَا الْجَدِّ مِنْكَ الْجَدُّ ؕ

(૩) **"અલ્લાહુમ્મ લા માનિ-અ લિમા અઅ્તય્ત વ લા મુઅ્તિ-ય લિમા મનઅ્ત વલા યન્ફઉ ઝલ્જદ્દિ મિન્કલ્જદ્દ."**

ખાવાની કેટલીક સુન્નતો

(૧) દસ્તરખ્વાન (ભોજન માટેનું પાથરણું) બિછાવવું.

(૨) બંને હાથોને કાંડા સુધી ધોવા.

નોંધ : અલ્લામા શામી (રહ.)ના મતે ખાવાથી પહેલાં કુલ્લી–કોગળા કરવા સુન્નત નથી; પરંતુ જનાબતની હાલતમાં કુલ્લી કરવા વગર ખાવું મકરૂહ છે. *('શામી' ભાગ–૫, પા–૨૩૯)*

(જો કોઈ મોઢાની સફાઈના માટે કુલ્લી કરવા ચાહે તો મના નથી.)

(૩) બુલંદ અવાજથી 'બિસ્મિલ્લાહ' પઢવું. *('શામી' ભાગ–૫)*

(૪) જમણા હાથ વડે ખાવું.

(૫) ખાવાની મજલિસમાં જે શખ્સ સૌથી વધારે બુઝુર્ગ અને મોટો હોય તેમનાથી ખાવાનું શરૂ કરાવવું.

(૬) ખાવાનું એક જ પ્રકારનું હોય તો પોતાની સામેથી ખાવું.

(૭) જો કોઈ લુકમો (કોળિયો) પડી જાય તો ઉપાડીને સાફ કરીને ખાય લેવું.

(૮) ટેકો લગાવીને ન ખાવું.

(૯) ખાવામાં કોઈ ઐબ (ખામી) ન કાઢવી.

(૧૦) જોડા (પગરખાં) ઉતારીને ખાવું.

(૧૧) ખાવા માટે બેસવાની રીતો નીચે પ્રમાણે છે : –

એવી રીતે ઊકડું બેસે કે બંને ઘૂંટણો ઊભા હોય અને સુરીન (થાપાં) જમીન પર હોય અથવા

એક ઘૂંટણ ઊભો રાખે અને બીજા ઘૂંટણને બીછાવીને તેના ઉપર બેસે અથવા

બંને ઘૂંટણોને જમીન ઉપર બીછાવીને કાઈદહની જેમ બેસે અને આગળની તરફ જરા ઝૂકીને બેસે.

(૧૨) ખાધા પછી વાસણો, પ્યાલા, રકાબી વગેરેને સાફ કરી લેવું. આમ કરવાથી વાસણો એના માટે મગફિરતની દુઆ કરે છે.

(૧૩) ખાધા પછીની (આ) દુઆ પઢવી :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنَا وَسَقَانَا
وَجَعَلَنَا مِنَ الْمُسْلِمِیْنَ ط

"અલહમ્દુલિલ્લાહિલ્લઝી અત્અમના વસકાના વજઅલના મિનલ્ મુસ્લિમીન."

ભાવાર્થ :

તમામ વખાણો અલ્લાહના મ.ટે છે જેણે ખવડાવ્યું અને પીવડાવ્યું તેમજ મુસલમાનોમાં બનાવ્યા.

(૧૪) પહેલાં દસ્તરખ્વાન (ભોજનનું પાથરણું) ઉઠાવવું, તે પછી પોતે ઊઠવું.

(૧૫) દસ્તરખ્વાન ઉઠાવવાની (આ) દુઆ પઢવી :

اَلْحَمْدُلِلّٰهِ حَمْدًا كَثِيْرًاطَيِّبًا
مُبَارَكًا فِيْهِ غَيْرَ مُكْفِيٍّ وَّلَا
مُوَدَّعٍ وَّلَامُسْتَغْنًى عَنْهُ رَبَّنَاؕ

"અલ્હમ્દુલિલ્લાહિ હમ્દન્ કસીરન્ તય્યિબન્ મુબારકન્ ફીહી ગયર મુક્ફિ વલા મુવદ્દઈન્ વલા મુસ્તગ્નન્ અન્હુ રબ્બના."

ભાવાર્થ :

તમામ વખાણો અલ્લાહના માટે છે, એવા વખાણો જે પુષ્કળ હોય તેમજ પાકીઝા અને બાબરકત હોય. હે અમારા પરવરદિગાર ! અમે આ ખાવાને કાફી (પૂરતું) સમજીને યા બિલકુલ રુખ્સત કરીને.યા એનાથી ગૈરમોહતાજ થઈને ઉઠાવી રહ્યા નથી.

(૧૬) બંને હાથોને ધોવા.

(૧૭) કુલ્લી (કોગળા) કરવા.

(૧૮) જો શરૂઆતમાં **'બિસ્મિલ્લાહ'** પઢવાનું ભૂલી જાય તો આ પ્રમાણે પઢે :

بِسْمِ اللّٰهِ اَوَّلَهٗ وَاٰخِرَهٗؕ

"બિસ્મિલ્લાહિ અવ્વલહૂ વ આખિરહૂ."

(૧૯) જ્યારે કોઈની દાવત ખાય ત્યારે મેઝબાન (દાવત આપનાર)ને આ પ્રમાણે દુઆ આપે :

اَللّٰهُمَّ اَطْعِمْ مَنْ اَطْعَمَنِىْ
وَاسْقِ مَنْ سَقَانِىْ ط

"અલ્લાહુમ્મ અત્ઈમ મન અત્અમની વસ્કિ મન્ સકાની."

ભાવાર્થ :

હે અલ્લાહ ! જેણે મને ખવડાવ્યું તેને (તું) ખવડાવ અને જેણે મને પિવડાવ્યું તેને (તું) પિવડાવ. *(તિરમિઝી)*

(૨૦) સરકો વાપરવું સુન્નત છે. જે ઘરમાં સરકો મોજૂદ હોય, તે ઘર સાલન (શાક)થી ખાલી નથી સમજી શકાતું.

(૨૧) એકલા ઘઉં કોઈ વાપરતું હોય તો તેણે તેમાં થોડાક જવ પણ મિશ્ર કરવા જોઈએ. (ભલે ને) થોડીક જ માત્રામાં હોય, જેથી સુન્નત પર અમલનો સવાબ મળી જાય.

(૨૨) ગોશ્ત ખાવું સુન્નત છે.

રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે કે,

'દુનિયા અને આખિરતમાં વાનગીઓનો સરદાર ગોશ્ત છે.'

(૨૩) (આપણાં મુસલમાનભાઈની) દાવત કબૂલ કરવું સુન્નત છે. અલબત્ત, જો (આવકનું વધારે પ્રમાણ) વ્યાજ, લાંચ–રુશ્વતનું હોય અથવા તે (દાવત આપનાર) બદકારી (પાપાચાર) કરતો હોય તો તેની દાવત કબૂલ કરવી ન જોઈએ.

(૨૪) પોતાના સગાં સંબંધીઓ, મિત્રો અને મિસ્કીનો (ગરીબો)ને વલીમાનું ખાવાનું ખવડાવવું સુન્નત છે.

(૨૫) મય્યિતના રિશ્તેદારો (સગાંઓ)ને ખાવાનું આપવું મસનૂન છે.

(૨૬) ખાતી વખતે બિલકુલ ખામોશ રહેવું મકરૂહ છે. *(શામી)*

પરંતુ દુ:ખ, ફિકર–ચિંતા તેમજ બીમારીની વાત ન કરે.

સૂચના :

'અબૂ દાવૂદ'ની શર્હ (વિવરણ) માટે લખાયેલી કિતાબ **'બઝલુલ મજહૂદ'**ના પાના ૩૫ ઉપર લખ્યું છે કે :

● જ્યારે કોઈ શખ્સ **'બિસ્મિલ્લાહ'** કહીને પોતાના ઘરમાં દાખલ થાય છે ત્યારે શયતાન પોતાના ભાઈઓથી કહે છે કે :

'હે ભાઈઓ ! તમારા માટે આ ઘરના દરવાજા બંધ થઈ ગયા છે. રાતવાસા માટે કોઈ બીજું ઘર શોધો.'

● જ્યારે ખાતી વખતે **'બિસ્મિલ્લાહ'** પઢી લેવામાં આવે છે ત્યારે શયતાન કહે છે કે,

'લો, હવે ખાવા પર પણ પાબંદી (પ્રતિબંધ) થઈ ગઈ !'

અર્થાત્ :

ન અહીં રહી શકો છો, ન અહીં ખાય શકો છો !

● જો બંદો ઘરમાં દાખલ થતી વખતે **'બિસ્મિલ્લાહ'** કહેવું ભૂલી જાય તો શયતાન પોતાના ભાઈઓથી કહે છે કે,

'તમે ઘર મેળવી લીધું, રાત ગુઝારવા માટે.'

● અને જો તે બંદો ખાતી વખતે પણ **'બિસ્મિલ્લાહ'** પઢવાનું ભૂલી જાય તો શયતાન કહે છે કે, 'રહેવાની સાથે સાથે ખાવાની પણ પરવાનગી છે.'

પીવાની સુન્નતો

(૧) જમણા હાથથી પીવાનું પાત્ર પકડવું.

(૨) પીવાથી પહેલાં અગર ઊભા હોય તો બેસી જવું. ઊભા થઈને પીવું મના છે.

(૩) **'બિસ્મિલ્લાહ'** કહીને પીવું. પીધા પછી **'અલ્હમ્દુલિલ્લાહ'** કહેવું.

(૪) ત્રણ શ્વાસમાં પીવું.

શ્વાસ લેતી વખતે પાણીનું પાત્ર મોઢાંથી અલગ કરવું.

(૫) વાસણની તૂટેલી ધાર તરફથી ન પીવું.

(૬) મશકથી મોઢું લગાવીને ન પીવું અથવા કોઈ પણ એવું વાસણ હોય જેમાંથી એકદમ પાણી વધારે આવી જવાની સંભાવના હોય અથવા એ સંભાવના હોય કે તેમાં સાપ કે વીંછી આવી જાય.

(૭) માત્ર પાણી પીવા પછી આ દુઆ પઢવી પણ મસનૂન છે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ سَقَانَا عَذْبًا
فُرَاتًا بِرَحْمَتِهٖ وَلَمْ يَجْعَلْهُ
بِذُنُوْبِنَا مِلْحًا اُجَاجًا۔

"અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી સકાના અઝ્બન્ ફૂરાતમ્ બિરહ્મતિહી વ લમ યજ્અલ્હૂ બિઝુનૂબિના મિલ્હન ઉજાજન." *(રૂહુલ મઆની, પારહ : ૨૭, પાનું : ૧૪૯)*

(૮) પાણી પીધા પછી જો બીજાને આપવું હોય તો પ્રથમ જમણી બાજુવાળાને આપે અને પછી એ જ ક્રમ પ્રમાણે દૌર પૂરો કરે.

ચાહ અને શરબત પણ એ જ પ્રમાણે પેશ કરે.

(૯) દૂધ પીધા પછી આ દુઆ પઢે :

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْهِ وَزِدْنَا مِنْهُ۔

"અલ્લાહુમ્મ બારિક લના ફીહી વ ઝિદ્‌ના મિન્હુ."

(૧૦) પીવડાવનારે છેવટે પીવું.

(૧૧) ઝમઝમનું પાણી ઊભા રહીને પીવું.

(૧૨) વુઝૂનું બચેલું પાણી ઊભા રહીને પીવું.

એમાં બીમારીઓના માટે શિફા છે.

અલ્લામા શામીએ લખ્યું છે કે,

'મેં કેટલીયે વખત પોતાની બીમારીઓમાં એનો અનુભવ કર્યો છે અને શિફા મેળવી છે.'

લિબાસની સુન્નતો

(૧) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સફેદ રંગના કપડાં પસંદ હતા.

(૨) ખમીસ, કુર્તા (કફની) કે સદરી વગેરે પહેરે તો પ્રથમ જમણો હાથ આસ્તીન (બાંય)માં નાંખે અને તે પછી ડાબો હાથ નાંખે.

એ જ રીતે પાયજામો અને શલવાર પહેરતી વખતે પ્રથમ જમણો પગ નાંખે તે પછી ડાબો પગ નાંખે.

(૩) પાયજામો, શલવાર કે લૂંગી (પગની) ઘૂંટીથી ઉપર રાખે. ઘૂંટીથી નીચે લટકાવવાથી અલ્લાહ તઆલા નારાઝ થાય છે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે,

'તેહબંદ (લૂંગી) ઘૂંટીથી નીચે લટકાવનાર પર અલ્લાહ તઆલા રહમતની નજર ફરમાવશે નહિ.'

(૪) નવું કપડું પહેરીને આ દુઆ પઢે :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ کَسَانِیْ هٰذَا
مِنْ غَیْرِ حَوْلٍ مِّنِّیْ وَلَا قُوَّةٍ ط

"અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી કસાની હાઝા મિન ગય્રિ હવ્લિમ્મિન્ની વલા કુવ્વહ."

(૫) અમામા (પાઘડી)ની નીચે ટોપી રાખવી સુન્નત છે.

ટોપી વગર અમામા બાંધવો સુન્નતથી ખિલાફ છે.

(૬) કાળો સાફો બાંધવો મસનૂન છે.

શમ્લહનો (છેડો) છોડવો પણ સુન્નત છે.

શમ્લહનું પ્રમાણ એક હાથ કે તેનાથી વધારે પણ સ

(૭) કપડાં ઉતારતી વખતે 'બિસ્મિલ્લાહ' કહે.

કપડાં ઉતારવાની શરૂઆત ડાબી બાજુથી કરે.

ખમીશ કે કુર્તો (કફની) વગેરે ઉતારવું હોય ત્યારે

પ્રથમ ડાબો હાથ આસ્તીન (બાંય)માંથી કાઢે અને તે પછી જમણો હાથ કાઢે.

એ જ પ્રમાણે શલવાર અને પાયજામો ઊતારતી વખતે પ્રથમ ડાબો પગ બહાર કાઢે અને તે પછી જમણો પગ કાઢે.

(૮) જોડા પ્રથમ જમણા પગમાં પહેરે અને પછી ડાબા પગમાં પહેરે.

(૯) જોડા (પગરખાં) ઉતારતી વખતે :

પ્રથમ ડાબા પગમાંથી ઉતારે અને પછી જમણા પગમાંથી ઉતારે.

(૧૦) નવા જોડા (પગરખાં) પહેરીને આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّيْ اَسْئَلُكَ مِنْ خَيْرِهٖ
وَخَيْرِ مَا هُوَ لَهٗ وَاَعُوْذُبِكَ مِنْ
شَرِّهٖ وَشَرِّ مَا هُوَ لَهٗ ط

"અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુ-ક મિન ખયરિહી વ ખયરિ મા હુ-વ લહૂ અઊઝુબિ-ક મિન શર્રિહી વ શર્રિ મા હુ-વ લહૂ."

બાલ (વાળ)ની સુન્નતો

(૧) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુબારક માથાના વાળોની લંબાઈ વિશે નીચે પ્રમાણે રિવાયતો છે :

એક રિવાયત પ્રમાણે એની લંબાઈ કાનોના દરમિયાન સુધી હતી.

બીજી રિવાયત પ્રમાણે એની લંબાઈ કાનો સુધી હતી.

ત્રીજી રિવાયત પ્રમાણે કાનોની લવ (કાનની બૂટ) સુધી હતી.

ઉપરાંત ખભા સુધી કે ખભાની નજીક સુધી હોવાની રિવાયત પણ છે.

('શમાઈલે તિરમિઝી')

(૨) કયાં તો આખા માથાના વાળ રાખે અથવા આખું માથું મૂંડાવે. એક હિસ્સાના વાળ રાખવા અને એક હિસ્સાના મૂંડાવવા કે કતરાવવા હરામ કાર્ય છે. અલ્લાહ તઆલા હરેક મુસલમાનને એનાથી બચાવે.

(૩) દાઢી વધારવા અને મૂંછોને કમ કરવા વિશે હદીસમાં હુકમ આવેલો છે.

દાઢી (એક મૂઠ કરતાં કમ) કતરાવવાને તથા મૂંડાવવાને હરામ ફરમાવવામાં આવ્યું છે.

અલ્લાહ તઆલા દરેક મુસલમાનને એનાથી બચાવે.

(૪) મૂંછોને કાતરવામાં મુબાલગ્હ કરવું સુન્નત છે.

(૫) નાફ (દૂંટી) નીચેના, બગલના અને નાકના વાળ લેવા.

ચાલીસ દિવસ વીતી જાય અને સફાઈ ન કરે તો ગુનેહગાર થશે.

(૬) વાળોને ધોવા, તેલ લગાવવું અને હોળવા મસનૂન છે.

પરંતુ એકાદ દિવસ વચમાં છોડી દેવું જોઈએ.

(૭) જ્યારે તેલ નાંખવાનો ઈરાદો હોય ત્યારે ડાબા હાથની હથેળીમાં તેલ લઈને પ્રથમ ભવાં (ભમ્મર કે ભ્રુકુટિ) પર, તે પછી આંખો (પાંપણ) પર અને તે પછી માથામાં તેલ નાંખે.

(૮) માથામાં તેલ નાંખવાની શરૂઆત પેશાની (કપાળ) તરફથી કરે.

(૯) વાળ હોળે ત્યારે પ્રથમ જમણી તરફથી શરૂ કરે.

(૧૦) વાળ હોળતી વખતે કે જરૂરત અનુસાર જ્યારે પણ આયનામાં જુએ ત્યારે આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اَنْتَ حَسَّنْتَ خَلْقِىْ
فَحَسِّنْ خُلُقِىْ ط

"અલ્લાહુમ્મ અન્ત હસ્સન્ત ખલ્કી ફહસ્સિન ખુલૂકિ."

ભાવાર્થ :

હે અલ્લાહ ! જેવી રીતે આપે મારી સૂરત સારી બનાવી (તેવી રીતે) મારા અખ્લાક પણ સારા કરી દે !

નખ કાપવાની સુન્નતો

હાથના નખ કાપવાની રીત :

જમણા હાથની શહાદતની આંગળી (અંગૂઠાની બાજુમાંની આંગળી)થી શરૂઆત કરે.

તે પછી વચલી આંગળી, તે પછી તેની બાજુની આંગળી અને તે પછી નાની (ટચલી) આંગળીના નખ કાપે.

તે પછી ડાબા હાથની નાની (ટચલી) આંગળીથી શરૂ કરે અને ક્રમવાર કાપતાં છેવટે અંગૂઠાનો નખ કાપે.

અને તે પછી સૌથી છેલ્લે જમણા હાથના અંગૂઠાનો નખ કાપે.

પગના નખ કાપવાની રીત :

જમણા પગની નાની આંગળીથી શરૂઆત કરે અને ક્રમવાર કાપતાં છેવટે અંગૂઠાનો નખ કાપે.

તે પછી ડાબા પગના અંગૂઠાથી શરૂઆત કરે અને ક્રમવાર કાપતાં નાની આંગળીનો નખ કાપે.

નખ કયારે કાપવા :

નખ જુમ્આની નમાઝથી પહેલાં કાપવા સુન્નત છે.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જુમ્આના દિવસે નમાઝ પહેલાં મૂંછોને તથા નખોને કાપતા હતા.

રિવાયત છે કે :–

જે શખ્સ જુમ્આના દિવસે નખ કાપે, આવતી જુમ્આ સુધીની બલાઓથી તેને અલ્લાહ તઆલા પનાહ આપશે.

('શામી' ભાગ : ૫, પાનું ૨૮૭ અને ૨૮૮)

સૂચના :

હાફિઝ ઈબ્ને હજર અસ્કલાની (રહ.) અને અલ્લામા ઈબ્ને દકીકુલઈદ (રહ.) ફરમાવે છે કે,

'નખ કાપવા માટે કોઈ ખાસ કેફિયત અને કોઈ દિવસ મુકર્રર (નક્કી) હોવા વિશે હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી મન્કૂલ અને સાબિત નથી. એટલે ઉપર લખેલો તરીકો મુસ્તહબ હોવાનો એ'તિકાદ જાઈઝ નથી.'

('બઝલુલ મજહૂદ ફી હલ્લિ અબૂ દાવૂદ' ભા. ૧, પા. ૩૩)

કુફ્ર કે ગુનાહના વસવસા વખતની સુન્નતો

(૧) વસવસા આવે ત્યારે નીચે પ્રમાણે પઢે :

"અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ" અને

"આમન્તુ બિલ્લાહિ વ રસૂલિહી"

('મિરકાત' ભાગ : ૧, પા. ૧૩૭)

(૨) બીજી સુન્નત એ છે કે હક તઆલાની ઝાતમાં ગૌર (ચિંતન, મનન અને વિચાર) ન કરે. ચિંતન, મનન અને વિચારનો સંબંધ ખલ્ક (સૃષ્ટિ) સાથે છે, ન કે ખાલિક (સર્જનહાર, સૃષ્ટા)ની સાથે.

('મસાઈલુસ્સુલૂક' બયાનુલ કુર્આન)

અઝાન અને ઈકામતની સુન્નતો

(૧) અઝાન અને ઈકામત કિબ્લા તરફ મુખ કરીને કહેવું સુન્નત છે.

(૨) અઝાનના શબ્દો થોભી થોભીને અદા કરવા અને ઈકામતના શબ્દો જલદી જલદી કહેવા સુન્નત છે.

(૩) અઝાનમાં **'હય્ય અલસ્સલાત'** અને **'હય્ય અલલ્ફલાહ'**

કહેતી વખતે જમણી અને ડાબી બાજુ મુખ ફેરવવું સુન્નત છે.

પરંતુ સીના (છાતી) અને કદમ કિબ્લા તરફ જ રહે.

(૪) જ્યારે અઝાન સાંભળો ત્યારે :

ઝિક્ર અને તસ્બીહ બંધ કરી દો.

અઝાનનો જવાબ આપો અર્થાત્ અઝાનના શબ્દો દોહરાવો.

જ્યારે મુઅઝ્ઝિન **'હય્ય અલસ્સલાહ'** અને **'હય્ય અલલ્ ફલાહ'** કહે ત્યારે જવાબમાં **'લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'** કહો.

(૫) ફજરની અઝાનમાં **'અસ્સલાતુ ખયરુમ્મિનન્નૌમ'**ના જવાબમાં **'સદકત વ બર્રત'** કહેવામાં આવશે.

(૬) ઈકામતનો જવાબ પણ અઝાનની જેમ આપવામાં આવશે, પરંતુ :

'કદ્કામતિસ્સલાત'ના જવાબમાં **'અકામહલ્લાહુ વ અદામહા'** કહેવામાં આવશે.

(૭) અઝાન પૂરી થયા પછી દુરૂદ શરીફ પઢવું સુન્નત છે.

(૮) દુરૂદ શરીફ પઢીને આ દુઆ પઢે :

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ
التَّآمَّةِ وَالصَّلٰوةِ الْقَآئِمَةِ
اٰتِ مُحَمَّدَ نِالْـــوَسِيْلَةَ

وَالْفَضِيْلَةَ وَابْعَثْهُ مَقَامًا
مَّحْمُوْدَ اِۨلَّذِىْ وَعَدْتَّهٗ اِنَّكَ
لَاتُخْلِفُ الْمِيْعَادَ

"અલ્લાહુમ્મ રબ્બ હાઝિહિદ્ દઅ્વતિતામ્મતિ વસ્સલાતિલ કાઈમતિ આતિ મુહમ્મદનિલ્વસીલ-ત વલ્ફઝીલ-ત વબ્અસ્હુ મકામમ્મહમૂદનિલ્લઝી વ અત્તહુ ઈન્ન-ક લા તુખ્લિફુલ મીઆદ."

સૂવાની સુન્નતો

(૧) નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી નીચેની તમામ ચીઝો પર આરામ ફરમાવવું સાબિત છે :

(૧) બોરિયહ (ગૂણપાટ) (૨) ચટાઈ (સાદડી) (૩) કપડનું પાથરણું (૪) જમીન (૫) તખ્ત (૬) ચાર પાઈ (ખાટલો)

(૭) ચામડું અને ખાલ. *(ઝાદુલ મઆદ)*

(૮) બાવુઝૂ સૂવું સુન્નત છે. *(અબૂ દાવૂદ)*

(૯) જ્યારે પોતના બિસ્તરા (પાથરણા) પર આવે ત્યારે તેને પોતાના કપડાંના છેડથી ત્રણ વખત ઝાપટે. *(સિહાહ સિત્તહ)*

(૧૦) સૂવા પહેલાં બીજા કપડાં બદલવા સુન્નત છે. *(ઝાદુલ મઆદ)*

(૧૧) સૂવા પહેલાં 'બિસ્મિલ્લાહ' કહીને નીચે પ્રમાણે કામો કરે :

(૧) દરવાજો બંધ કરે.

(૨) દીવો★ હોલવી નાખે.

(૩) મશકીઝહ (પાણી ભરવાની નાની મશક)નું મોઢું બાંધી દે.

(૧૨) વાસણો✪ ઢાંકી દે અને જો તે વખતે ઢાંકવા માટે કંઈ ન મળે તો વાસણના મોઢાં પર (પહોળાઈમાં) એક લાકડી જ મૂકી દે. *(સિહાહ સિત્તહ)*

(૧૩) ઇશાની નમાઝ પછી કિસ્સા—કહાણીઓની મનાઈ છે. નમાઝ પઢીને સૂઈ જવું જોઈએ. અલબત્ત, રોઝી કે ધંધા માટે જાગવાની ઈજાઝત છે.

(૧૪) સૂતી વખતે બંને આંખોમાં ત્રણ ત્રણ સળી સુરમો લગાડવો ઔરત અને મરદ (બંને) માટે મસનૂન છે.

(૧૫) જ્યારે સૂવાનો ઈરાદો હોય ત્યારે કુર્આન શરીફની આયતો અને સૂરતો પઢો. દાખલા તરીકે :

અલ્હમ્દુ શરીફ,

સૂરએ મુલ્ક (તબારકલ્લઝી),

દુરૂદ શરીફ,

આયતુલ કુરસી,

ચાર કુલ.

જો વધારે પઢી ન શકો તો એક—બે સૂરતો જરૂર પઢી લો, કારણ કે એ દુનિયા અને આખિરતની ભલાઈ તથા નેકબખ્તીની બુનિયાદ છે.

★ હદીસમાં આવ્યું છે કે, શયતાન ઉંદરને એ બતાવી દે છે કે તું દિવેટ ખેંચીને લઈ જા ! (જે આગ લાગવાનું કારણ બની જાય છે.)

('ફઝલે મુબીન' તરજુમએ 'હિસ્ને હસીન')

✪ મુસ્લિમ શરીફની એક રિવાયતમા છે કે વરસમા એક રાત એવી હોય છે જેમાં વબા (બીમારી) ઊતરે છે. (તે) જ્યારે ખુલ્લા વાસણ ઉપરથી પસાર થાય છે ત્યારે તેમાં તે વબાનો કંઈક ભાગ (અંશ) જરૂર દાખલ થઈ જાય છે.

('ફઝલે મુબીન' તરજુમએ 'હિસ્ને હસીન')

(૧૬) સૂવા પહેલાં 'તસ્બીહે ફાતિમહ' (પઢવાની) કાળજી રાખે. અર્થાત્ :

૩૩ વખત **'સુબ્હાનલ્લાહ'**

૩૩ વખત **'અલ્હમ્દુલિલ્લાહ'** અને

૩૪ વખત **'અલ્લાહુ અકબર'** પઢે.

(બુખારી, મુસ્લિમ, અબૂ દાવૂદ, તિરમિઝી)

(૧૭) સૂતી વખતે જમણી કરવટ પર કિબ્લા તરફ મુખ કરીને સૂવું મસનૂન છે.

એવી રીતે ઊંધા સૂવું કે છાતી જમીન તરફ થાય અને પીઠ આસમાનની તરફ થાય તેની મનાઈ છે, કારણ કે એવી રીતે શયતાન સૂએ છે.

(૧૮) બિસ્તરા પર સૂઈને આ દુઆ પઢે :

بِاسْمِکَ رَبِّیْ وَضَعْتُ جَنْبِیْ
وَبِکَ اَرْفَعُهٗ اِنْ اَمْسَکْتَ
نَفْسِیْ فَاغْفِرْلَهَا وَاِنْ اَرْسَلْتَهَا
فَاحْفَظْهَا بِمَا تَحْفَظُ بِهٖ عِبَادَکَ
الصَّالِحِیْنَط

"બિસ્મિક રબ્બી વઝઅ્તુ જમ્બી વ બિ-ક અર્ફઉહૂ ઈન અમ્સક્ત નફસી ફગ્ફિર લહા વ ઈન અર્સલ્તહા ફહ્ફઝ્હા બિમા તહ્ફઝુ બિહી ઈબાદકસ્સાલિહીન."

(સિહાહ સિત્તહ)

(૧૯) તે પછી આ દુઆ પઢે :

اَللّٰهُمَّ بِاسْمِكَ اَمُوْتُ وَاَحْيٰ

"અલ્લાહુમ્મ બિસ્મિ-ક અમૂતુ વ અહ્યા." *(બુખારી, મુસ્લિમ)*

(૨૦) સૂવા પહેલાં ત્રણ વખત આ ઈસ્તિગફાર પણ પઢે :

اَسْتَغْفِرُ اللّٰهَ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا
هُوَ الْحَىُّ الْقَيُّوْمُ وَاَتُوْبُ اِلَيْهِ

"અસ્તગ્ફિરુલ્લાહલ્લઝી લા ઈલા-હ ઈલ્લા હુવલ્ હય્યુલ્ કય્યૂમુ વ અતૂબુ ઈલયહ." *(તિરમિઝી)*

(૧૪) જો ખ્વાબમાં કોઈ ડરામણી (ભયાનક) વાત જોવામાં આવે અને આંખો ખુલી જાય તો ત્રણ વખત 'અઊઝુબિલ્લાહિ મિનશ્શયતાનિર્રજીમ' પઢીને ડાબી તરફ ધુત્કારી દો અને કરવટ બદલીને સૂઈ જાઓ.

(૧૫) જો કોઈને ફુરસદ મળતી હોય તો સુન્નતની ઈત્તિબાઅ (અનુસરણ) માટે બપોરે થોડો સમય સૂઈ જવું સુન્નત છે. ચાહે ઊંઘ આવે કે ન આવે.

સફરની સુન્નતો

(૧) જ્યાં સુધી થઇ શકે સફરમાં ઓછામાં ઓછા બે આદમી જાય.

એકલો આદમી સફર ન કરે. અલબત્ત, જરૂરત અને મજબૂરીમાં એકલા આદમીએ સફર કરવામાં વાંધો નથી.

(૨) સવારીના માટે રકાબ (પેંગડા)માં પગ મૂકે ત્યારે **'બિસ્મિલ્લાહ'** કહે.

(૩) સવારી ઉપર સારી રીતે બેસી જાય ત્યારે ત્રણ વખત **'અલ્લાહુ અકબર'** કહે અને આ દુઆ પઢે :

سُبۡحٰنَ الَّذِیۡ سَخَّرَ لَنَا هٰذَا وَمَا
كُنَّا لَهٗ مُقۡرِنِيۡنَ ۝۱۳ وَاِنَّاۤ اِلٰى رَبِّنَا
لَمُنۡقَلِبُوۡنَ ۝۱۴ (الزخرف ۴۳:۱۳-۱۴)

"સુબ્હાનલ્લઝી સખ્ખર લના હાઝા વમા કુન્ના લહૂ મુક્રિનીન વ ઈન્ના ઈલા રબ્બિના લ મુન્કલિબૂન."

(૪) તે પછી આ દુઆ પઢે :

اَللّٰهُمَّ هَوِّنۡ عَلَيۡنَا هٰذَا
السَّفَرَ وَاطۡوِ عَنَّا بُعۡدَهٗ

اَللّٰهُمَّ اَنْتَ الصَّاحِبُ فِى السَّفَرِ
وَالْخَلِيْفَةُ فِى الْاَهْلِ اَللّٰهُمَّ اِنِّىْ
اَعُوْذُبِكَ مِنْ وَعْثَاءِ السَّفَرِ
وَكَآبَةِ الْمَنْظَرِ وَسُوْءِ الْمُنْقَلَبِ
فِى الْمَالِ وَالْاَهْلِ وَالْوَلَدِ ط

"અલ્લાહુમ્મ હવ્વિન્ અલય્ના હાઝસ્સફર વત્વીઅન્ના બુઅ્દહૂ અલ્લાહુમ્મ અન્તસ્સાહિબુ ફિસ્સફરિ વલ્ખલીફતુ ફીલ્અહ્લિ. અલ્લાહુમ્મ ઈન્ની અઊઝુબિ-ક મિંન્ વઅ્સાઈસ્સફરિ વ કઅ્બાતિલ મન્ઝરિ વ સૂઈલ્ મુન્કલબિ ફિલ્માલિ વલ્અહ્લિ વલ્વલદિ."

ભાવાર્થ :

હે અલ્લાહ ! આસાન કરી દે અમારા માટે આ સફરને અને કાપી દે અમારા માટે એના લાંબા અંતરને.

હે અલ્લાહ ! તું જ સફરનો સાથી છે તથા ખબર રાખનાર છે ઘરબારનો.

હે અલ્લાહ ! હું પનાહ ચાહું છું તારી, સફરની મુશ્કેલીઓથી અને બુરી હાલત જોવાથી તથા વાપસ આવીને બુરી હાલત પામવાથી, માલમાં, ઘરમાં અને બાળકોમાં.

(૫) મુસાફરીમાં થોભવાની જરૂરત પડે તો સુન્નત એ છે કે રસ્તામાંથી હઠીને કિયામ કરે. રસ્તામાં પડાવ ન નાંખે કે આવ–જા કરનારાઓના રસ્તામાં રુકાવટ ઊભી થાય અને તેઓને તકલીફ પડે.

(૬) સફર દરમિયાન જ્યારે સવારી ઊંચાણ પર ચઢે ત્યારે ત્રણ વખત 'અલ્લાહુ અકબર' કહે.

(૭) જ્યારે સવારી નીચાણ તરફ ઉતરવા લાગે ત્યારે ત્રણ વખત 'સુબ્હાનલ્લાહ' કહે.

(૮) જે શહેર કે ગામમાં જવાનો ઈરાદો હોય, તેને જ્યારે દૂરથી જુએ ત્યારે ત્રણ વખત આ દુઆ પઢે :

اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِيْهَا ط

"અલ્લાહુમ્મ બારિક લના ફીહા."

હે અલ્લાહ ! બરકત આપ અમને આ શહેરમાં !

(૯) જ્યારે એ શહેરમાં દાખલ થાય ત્યારે આ દુઆ પઢે :

اَللّٰهُمَّ ارْزُقْنَا جَنَاهَا وَحَبِّبْنَا
اِلٰى اَهْلِهَا وَحَبِّبْ صَالِحِىْ
اَهْلِهَا اِلَيْنَا ط

"અલ્લાહુમ્મર્ઝુક્ના જનાહા વ હબ્બિબ્ના ઈલા અહ્લિહા વ હબ્બિબ સાલિહી અહ્લિહા ઈલય્ના."

ભાવાર્થ :

હે અલ્લાહ ! નસીબ કર અમને ફળો એના અને પ્રિય કરી દે અમને

શહેરના લોકોમાં તથા મુહબ્બત અતા કર અમને આ શહેરના નેક લોકોની.

(૧૦) રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે, 'જ્યારે સફરની જરૂરત પૂરી થઈ જાય ત્યારે પોતાના ઘરે પાછા આવી જાઓ. બહાર સફરમાં જરૂરત વગર થોભવું સારું નથી.'

(૧૧) દૂરદરાઝના સફરથી ઘણાં દિવસો પછી પાછા આવે ત્યારે સુન્નત એ છે કે,

અચાનક ઘરમાં દાખલ ન થાય, બલકે ઘરવાળાંઓને પોતાના આવવાની ખબર કરે અને થોડા સમય પછી ઘરમાં દાખલ થાય.

એ જ પ્રમાણે રાતનો વધારે ભાગ વીતી ગયો હોય ત્યારે જો મોડેથી ઘરે આવે તો તે જ વખતે ઘરમાં ન જાય,

બલકે બેહતર એ છે કે સવારે મકાનમાં જાય.

અલબત્ત, ઘરવાળાંઓને તમારા આવવાની આગળથી ખબર હોય અને તેઓને તમારો ઈન્તેઝાર પણ હોય તો તે જ વખતે ઘરમાં દાખલ થવામાં કંઈ વાંધો નથી.

(૧૨) સફરમાં કૂતરો અને ઝાંઝર સાથે રાખવાની મનાઈ પણ આવી છે, કેમ કે એના કારણે શયતાન પાછળ પડી જાય છે અને સફરની બરકત ચાલી જાય છે.

(૧૩) સફરમાંથી પાછા ફરનાર માટે એ મસનૂન છે કે ઘરમાં દાખલ થવા પહેલાં મસ્જિદમાં જઈને બે રકાત નમાઝ પઢે.

(૧૪) જ્યારે સફરથી પાછા આવે ત્યારે આ દુઆ પઢે :

آئِبُوْنَ تَائِبُوْنَ عَابِدُوْنَ
لِرَبِّنَا حَامِدُوْنَ ط

"આઈબૂન તાઈબૂન આબિદૂન લિરબ્બિના હામિદૂન."

ભાવાર્થ :

અમે પાછા ફરનારા છીએ, તૌબા કરનારા છીએ, અલ્લાહની બંદગી કરનારા છીએ, પોતાના પરવરદિગારની હમ્દ કરનારા છીએ.

નિકાહની સુન્નતો

(૧) મસનૂન નિકાહ તે છે જે સાદાઈથી હોય,

જેમાં ભીડ અને ઘોંઘાટ ન હોય.

જેમાં તકલ્લુફ (ઔપચારિક્તા) ન હોય.

જેમાં દહેજના સામાનની ઝંઝટ ન હોય.

(૨) નિકાહના માટે નેક અને સાલેહ વ્યક્તિ શોધવી તથા મંગણી કે પયગામ મોકલવું મસનૂન છે.

(૩) જુમ્આના દિવસે, મસ્જિદમાં અને શવ્વાલના મહિનામાં નિકાહ કરવા પસંદપાત્ર અને મસનૂન છે.

(૪) નિકાહને મશહૂર (જાહેર) કરવા અને નિકાહ બાદ ખારેક કે ખજૂર લૂંટાવવું યા વહેંચવું મસનૂન છે.

(૫) સ્થિતિ પ્રમાણે મહેર નક્કી કરવી સુન્નત છે.

(૬) શાદીની પ્રથમ રાતે જ્યારે બીવી સાથે એકાંતમાં મળે ત્યારે બીવીની પેશાનીના ઉપરના વાળ પકડીને આ દુઆ પઢે :–

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ خَیْرَهَا
وَخَیْرَمَا فِیْهَا وَاَعُوْذُبِکَ

مِنْ شَرِّهَا وَشَرِّ مَا فِيْهَا ط

"અલ્લાહુમ્મ ઈન્ની અસ્અલુક ખય્રહા વ ખય્ર મા ફીહા વ અઉઝુબિ-ક મિન શર્રિહા વ શર્રિ મા ફીહા."

(૭) જ્યારે બીવી સાથે સુહબત (સંભોગ)નો ઈરાદો કરે ત્યારે આ દુઆ પઢી લે, નહિતર શયતાનનો નુત્ફો (વીર્ય) પણ મર્દના નુત્ફાની સાથે અંદર ચાલ્યો જશે અને ઔલાદ શયતાનની ખસલતો (આદતો)માં પડશે :–

بِسْمِ اللّٰهِ اَللّٰهُمَّ جَنِّبْنَا
الشَّيْطٰنَ وَجَنِّبِ الشَّيْطٰنَ
مَارَزَقْتَنَا۔

"બિસ્મિલ્લાહિ અલ્લાહુમ્મ જન્નિબનશ્શયતાન વ જન્નિબિશ્શયતાન મા રઝક્તના."

ભાવાર્થ :–

હું અલ્લાહનું નામ લઈને કાર્ય કરું છું. હે અલ્લાહ ! અમને શયતાનથી બચાવ અને જે ઔલાદ તું અમને આપે તેને પણ શયતાનથી દૂર રાખ.

આ દુઆ પઢી લેવાથી જે ઔલાદ થશે તેને શયતાન કયારેય નુકસાન પહોંચાડી શકશે નહિ.

(૮) વલીમા :

દુલ્હન સાથે પ્રથમ રાત (મધુરજની) વીતાવ્યા પછી પોતાના સ્નેહીઓ, મિત્રો, સંબંધીઓ અને ગરીબોને વલીમાનું ખાવાનું ખવડાવવું–સુન્નત છે.

વલીમા માટે જરૂરી નથી કે ઘણાં મોટા પ્રમાણમાં ખાવાનું તૈયાર કરાવીને ખવડાવે. શક્તિ પ્રમાણે થોડું ખાવાનું તૈયાર કરીને મિત્રો, સ્નેહીઓ વગેરેને થોડું ખવડાવવું પણ સુન્નત અદા થવા માટે પૂરતું છે.

ખૂબ જ ખરાબ વલીમા તે છે કે માલદાર અને દુનિયાદાર લોકોને તો બોલાવવામાં આવે, પરંતુ ગરીબ, મોહતાજ અને દીનદાર લોકોને ધુત્કારી દેવામાં આવે. એવા ખરાબ વલીમાથી બચવું જોઈએ.

વલીમામાં સુન્નત અદા કરવાની નિય્યત રાખે.

જે વલીમા નામવરી અને દેખાડાના માટે અથવા લોકોની તારીફ (પ્રશંસા)ના માટે કરવામાં આવે તેનો કંઈ સવાબ નથી, બલકે અલ્લાહ તઆલાની નારાઝગી અને ગુસ્સાનો સંભવ છે.

(૯) મરદોના માટે સાડા ચાર માશા (આશરે સાડા ચાર ગ્રામ) વજન કરતાં ઓછા વજનની ચાંદીની વીંટી પહેરવાની ઈજાઝત છે.

સોનાની વીંટી મરદોના માટે બિલકુલ હરામ છે.

ઔરતોએ મહેંદી વાપરવી સુન્નત છે.

મૌત અને મૌત પછીની સુન્નતો

(૧) જ્યારે એવું લાગે કે મૌતનો સમય હવે નજીક છે ત્યારે જે લોકો ત્યાં હાજર હોય તેઓ તેનું (મરનારનું) મુખ કિબ્લાની તરફ ફેરવી દે.

(મુસ્તદરકે હાકિમ)

(૨) જ્યારે મૌત નજીક હોવાનું લાગે ત્યારે આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اغْفِرْ لِيْ وَارْحَمْنِيْ

وَاَلۡحِقۡنِیۡ بِالرَّفِیۡقِ الۡاَعۡلٰی ط

"અલ્લાહુમ્મગ્ફિર્લી વર્હમની વઅલ્હિક્ની બિર્રફીકિલ આ'લા."

હે અલ્લાહ ! મને બખ્શી દે અને મારા પર રહમ ફરમાવ તથા મને ઉપરવાળા સાથીઓમાં પહોંચાડી દે. *(બુખારી, મુસ્લિમ, તિરમિઝી)*

(૩) જ્યારે રૂહ નીકળવાની નિશાનીઓ માલૂમ પડે ત્યારે આ પ્રમાણે પઢે :

اَللّٰهُمَّ اَعِنِّیۡ عَلٰی غَمَرَاتِ
الۡمَوۡتِ وَسَكَرَاتِ الۡمَوۡتِ ط

"અલ્લાહુમ્મ અઈન્ની અલા ગમરાતિલ મવ્તિ વ સકરાતિલ મૌત." *(તિરમિઝી)*

હે અલ્લાહ ! મૌતની સખ્તીઓના મોકા પર મારી મદદ કર.

(૪) જ્યારે મૌત થઈ જાય ત્યારે સંબંધીઓ આ દુઆ પઢે :

اِنَّا لِلّٰهِ وَاِنَّاۤ اِلَیۡهِ رَاجِعُوۡنَ ط
اَللّٰهُمَّ اۡجُرۡنِیۡ فِیۡ مُصِیۡبَتِیۡ
وَاخۡلُفۡ لِیۡ خَیۡرًا مِّنۡهَا ط

"ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલયહિ રાજિઉન. અલ્લાહુમ્મ અજિરની ફી મુસીબતી વખ્લુફ લી ખય્રમ મિન્હા."

(મુસ્લિમ)

બેશક, આપણે અલ્લાહ માટે જ છીએ અને આપણે અલ્લાહના જ તરફ પાછા ફરનારા છીએ. હે અલ્લાહ ! મારી મુસીબતમાં અજર (સવાબ) આપ અને એના બદલામા મને એના કરતાં સારો બદલો આપ.

(૫) રૂહ નીકળી જવા પછી મય્યિતની આંખો બંધ કરી દે.

(૬) જે શખ્સ મય્યિતને તખ્ત ઉપર મૂકવા માટે ઉઠાવે અથવા જનાઝો ઉઠાવે ત્યારે 'બિસ્મિલ્લાહ' કહે. *(ઈબ્ને અબી શયબહ)*

(૭) મય્યિતને દફન કરવામાં ઉતાવળ કરવી સુન્નત છે.

(સુનને અબૂ દાવૂદ)

(૮) જ્યારે મય્યિતને કબરમાં મૂકે ત્યારે આ દુઆ પઢે :

بِسْمِ اللّٰهِ وَعَلٰى مِلَّةِ رَسُوْلِ اللّٰهِ
صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَؕ

"બિસ્મિલ્લાહિ વ અલા મિલ્લતિ રસૂલિલ્લાહિ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ." *(બેહિશ્તી ઝેવર)*

(૯) કબરમાં મય્યિતને જમણી કરવટ પર એવી રીતે સૂવાડવું જોઈએ કે સીનો સંપૂર્ણ રીતે કા'બાની તરફ થાય. પીઠને કબરની દીવાલ સાથે લગાવી દે.

આજકાલ લોકો માત્ર મોઢું કા'બાની તરફ કરી દે છે અને ચત્તા સૂવાડે છે. એટલે સીનો આસમાનની તરફ થાય છે. આ બિલ્કુલ સુન્નતથી ખિલાફ છે.

(૧૦) મય્યિતના રિશ્તેદારો (સગાઓ)ને ખાવાનું આપવું મસ્નુન છે. એ

ખાવાનું સમાજના બધા લોકોએ કે તમામ રિશ્તેદારોએ ખાવું જાઈઝ નથી. મય્યિતવાળાઓના ખાવામાં (ખાવાનું આપવામાં) જેઓ શરીક છે તેઓના માટે આ ખાવાનું જાઈઝ છે. નામવરી અને દેખાવ કરવાના માટે એવું કરવું જાઈઝ નથી. જે કંઈ મોજૂદ હોય તે આપી દેવામાં આવે.

(જામિઅ તિરમિઝી, ઈબ્ને માજહ)

(૧૧) કબરને ન ઘણી ઊંચી કરે કે ન પાકી બનાવે. *(મદારિજુન્નુબુવ્વહ)*

(૧૨) કબર પર પાણી છાંટવું સુન્નત છે. *(દુર્રે મુખ્તાર, શામી)*

(૧૩) જ્યારે મય્યિતના દફનથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફારિગ થતા ત્યારે પોતે પણ અને બીજાઓના માટે પણ ફરમાવતા કે, પોતાના ભાઈના માટે ઈસ્તિગફાર કરો તથા સાબિતકદમ રહેવાની દુઆ કરો કે અલ્લાહ તઆલા તેને મુન્કર–નકીરના જવાબમાં સાબિતકદમ (મજબૂત) રાખે. *(અબૂ દાવૂદ, હાકિમ, બયહકી)*

ઊંચાઈ પર ચઢવાની અને નીચે ઉતરવાની સુન્નતો

(૧) જ્યારે ઊંચાઈ પર ચઢે, ભલે મસ્જિદના કે પોતાના ઘરના એક–બે પગથિયાં જ હોય ત્યારે ઊંચાઈ તરફ જમણો પગ આગળ વધારે અને **'અલ્લાહુ અકબર'** કહે.

(૨) એ જ પ્રમાણે જ્યારે નીચે ઊતરે ત્યારે ડાબો પગ આગળ વધારે અને **'સુબ્હાનલ્લાહ'** કહે. ભલે, આ ઉતરાણ મામૂલી હોય તો પણ આ સુન્નતનો સવાબ મેળવી લે.

સામાજિક વ્યવહારની કેટલીક સુન્નતો

(૧) સલામ કરવી મુસલમાનો માટે ઘણી મોટી સુન્નત છે.

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એની ઘણી તાકીદ ફરમાવી છે.

દરેક મુસલમાનને સલામ કરવી જોઈએ. ભલે તેને ઓળખતો હોય કે ન હોય, કારણ કે સલામ ઈસ્લામી હક છે. કોઈને જાણવા કે ઓળખવા પર

એનો આધાર નથી.

(૨) બુખારી અને મુસ્લિમની એક હદીસમાં છે કે,

'હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ બાળકો પાસેથી પસાર થયા તો આ.પે તેઓને સલામ કરી.'

એટલા માટે બાળકોને પણ સલામ કરવી સુન્નત છે.

(૩) સલામ કરવાની રીત એ છે કે :

ઝબાનથી **'અસ્સલામુ અલયકુમ'** કહે.

હાથથી, માથાથી કે આંગળીના ઈશારાથી સલામ કરવી યા સલામનો જવાબ આપવો સુન્નતના ખિલાફ છે.

(૪) કોઈ મુસલમાન ભાઈથી મુલાકાત થાય તો સલામના પછી મુસાફહ કરવું મસનુન છે. ઔરત બીજી ઔરતની સાથે મુસાફહ કરી શકે છે.

(૫) કોઈ મજલિસમાં જાઓ તો જ્યાં મોકો મળે અને જગા મળે ત્યાં બેસી જાઓ. બીજાને ઉઠાવીને પોતે બેસી જવું ગુનાહની વાત અને મકરૂહ છે.

(૬) જો કોઈ મજલિસમાં આવે અને જગા ન હોય તો અગાઉથી બેઠેલાં શખ્સોએ એક બીજાની પાસે થોડા ખસીને—સંકોચાઈને આવનાર મોમિન ભાઈના માટે જગા કરી આપવી જોઈએ.

(૭) જો કોઈ જગાએ માત્ર ત્રણ આદમીઓ હોય તો એકને છોડીને બાકીના બે જણાએ આપસમા કાનાફૂસી (એક—બીજાના કાનમાં ધીમેથી વાતો) કરવાની ઈજાઝત નથી, કારણ કે વગર કારણે (શંકાઓના લીધે) ત્રીજા માણસનું દિલ દુઃખી થશે અને મુસલમાન ભાઈને દુઃખી કરવું ઘણો મોટો ગુનોહ છે.

(૮) કોઈના ઘરે જાય તો તેની ઈજાઝત લઈને ઘરમાં દાખલ થવું જોઈએ.

(૯) જ્યારે બગાસું આવે ત્યારે સુન્નત એ છે કે મોઢું બંધ કરી લે.

કોશિશ કરવાં છતાં મોઢું બંધ ન થઈ શકે તો ડાબા હાથની પીઠને મોઢા ઉપર મૂકી દે.

હા–હા અવાજ ન કાઢે, કારણ કે હદીસમાં એની મનાઈ છે.

(૧૦) જો કોઈનું સારું નામ સાંભળો તો તેનાથી પોતાના મકસદના માટે નેક ફાલ (શુભ સંકેત) સમજવું સુન્નત છે.

એનાથી ખુશ થવું પણ સુન્નત છે.

બદફાલી (અશુભ સકેત) સમજવાની સખત મનાઈ ફરમાવવામાં આવી છે. જેમ કે :–

– રસ્તામાં ચાલતાં કોઈને છીંક આવી તો એમ સમજવું કે કામ ન થશે !

કાગડો બોલે, વાંદર જોવામાં આવે અથવા ઘૂવડ બોલે તો એનાથી આફત આવવાની ધારણા કરવી.

આ વાતો સખત નાદાની, બિલકુલ પાયા વગરની, ગલત અને ગુમરાહીનો અકીદો છે.

એ જ પ્રમાણે :

– કોઈને મનહૂસ સમજવું.

– કોઈ દિવસને મનહૂસ સમજવું ઘણું જ ખરાબ છે.

સુન્નત પર અમલ કરવાથી બંદો અલ્લાહ તઆલાનો મહબૂબ થઈ જાય છે. એટલે કાળજીપૂર્વક (સુન્નતો પર) અમલ કરવો જોઈએ.

વિવિધ સુન્નતો

જ્યારે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ચાલતા હતા ત્યારે લોકોને આગળથી હઠાવવામાં આવતા ન હતા.

•

આપ જાઈઝ કામ માટે મનાઈ કરતા ન હતા. જો કોઈ સવાલ કરતું (કંઈ માંગતું) અને તેના સવાલને પૂરો કરવાનો ઈરાદો થતો ત્યારે 'હા' કહી દેતા, નહિતર ખામોશ થઈ જતા.

•

આપ પોતાનો ચહેરો કોઈથી ફેરવતા ન હતા જ્યાં સુધી કે તે ન ફેરવે.

•

જો કોઈ ધીમેથી વાત કહેવા ચાહતો તો આપ પોતાના કાન તેના તરફ કરી દેતા અને જ્યાં સુધી તે ફારિગ ન થાય ત્યાં સુધી આપ કાન હઠાવતા ન હતા.

•

જ્યારે આપને છીંક આવતી ત્યારે હાથ કે કપડું મોઢા પર મૂકી દેતા અને અવાઝ ધીમો કરતા.

•

જ્યારે મય્યિતના દફનથી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફારિગ થતા ત્યારે પોતે પણ અને બીજાઓના માટે પણ ફરમાવતા કે,

'પોતાના ભાઈના માટે ઈસ્તિગફાર કરો અને સાબિતકદમ રહેવાની દુઆ કરો કે અલ્લાહ તેને મુન્કર નકીરના જવાબમાં સાબિતકદમ (મજબૂત) રાખે.'

•

જ્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કોઈને રુખ્સત (વિદાય) ફરમાવતા ત્યારે આ દુઆ આપતા :

أَسْتَوْدِعُ اللّٰهَ دِيْنَكُمْ وَأَمَانَتَكُمْ
وَخَوَاتِيْمَ أَعْمَالِكُمْ

અસ્તવ્દિઉલ્લાહ દીનકુમ વ અમનાતકુમ વ ખવાતીમ અઅ્માલિકુમ."

•

જ્યારે આં હઝરત સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને કોઈ ખુશીનો પ્રસંગ પેશ આવતો ત્યારે ફરમાવતા કે,

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ بِنِعْمَتِهٖ تَتِمُّ الصَّالِحَاتُ ط

"અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી બિનિઅમતિહિ તતિમુસ્સાલિહાત."

અને જ્યારે નાગવારી (અપ્રિયતા)ની હાલત પેશ આવતી ત્યારે ફરમાવતા કે,

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ ط

"અલ્હમ્દુલ્લિાહિ અલા કુલ્લિ હાલ."

●

જ્યારે કોઈ મળતું ત્યારે પ્રથમ આપ સલામ કરતા હતા.

●

જ્યારે કોઈ વસ્તુને (ડાબી કે જમણી) બાજુ તરફ જોતા ત્યારે પૂરો ચહેરો ફેરવીને જોતા. અભિમાની માણસની જેમ ત્રાંસી (તીરછી) આંખે ન જોતા.

●

નિગાહ નીચી રાખતા હતા.
ખૂબ જ હયા (લજ્જા)ના કારણે નિગાહ ઠેરવીને જોતા ન હતા.

●

વર્તનમાં સખ્તી ફરમાવતા ન હતા.
નરમીને પસંદ ફરમાવતા હતા.

●

હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ચાલતી વખતે પગ ઉઠાવતા ત્યારે કદમ કુવ્વતથી ઉખડતા હતા અને કદમ એવી રીતે મૂકતા હતા કે થોડાંક આગળ તરફ ઝૂકી જતા. નમ્રતા સાથે કદમ વધારીને એવી રીતે ચાલતા કે જાણે કોઈ ઊંચાઈ ઉપરથી નીચાણ તરફ ઉતરતા હોય.

●

બધાં સાથે હળી–ભળીને રહેતા હતા (અર્થાત્ શાન બનાવીને રહેતા ન હતા.) બલકે કોઈ કોઈ વખત મઝાક (ગમ્મત–વિનોદ) પણ કરી લેતા હતા.

●

જો કોઈ ગરીબ આવતો અથવા વૃદ્ધા આપની સાથે વાત કરવા ચાહતી તો સડકના કિનારે સાંભળવા માટે ઊભા રહી જતા કે બેસી જતા.

●

નમાઝમાં કુર્આન મજીદની તિલાવત ફરમાવતા ત્યારે સીનાએ મુબારકમાંથી હાંડી ઊકળવાના જેવો અવાજ આવતો. અલ્લાહના ખૌફના કારણે આ હાલત થતી હતી.

●

ઘરવાળાંઓનો ઘણો ખ્યાલ રાખતા હતા કે કોઈને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી તકલીફ ન પહોંચે. એટલા જ માટે રાતે બહાર જવાનું થતું ત્યારે હળવેથી (અવાજ ન થાય એ રીતે) ઊઠતા, હળવેથી પગરખાં પહેરતા. હળવેથી બારણું ખોલતા અને હળવેથી બહાર ચાલ્યા જતા.

એ જ પ્રમાણે ઘરમાં તશરીફ લાવતા ત્યારે હળવે રહીને આવતા કે જેથી સૂતેલાંઓને તકલીફ ન થાય અને કોઈની ઊંઘ ખરાબ ન થઈ જાય.

●

જ્યારે ચાલતા ત્યારે નિગાહ નીચી જમીન તરફ રાખતા. સમૂહની સાથે ચાલતા ત્યારે બધાંથી પાછળ રહેતા. કોઈ સામેથી આવતું ત્યારે સૌથી સલામ આપ જ કરતા.

●

બાળક સાત વરસનું થઈ જાય ત્યારે નમાઝ અને દીનની બીજી વાતોનો હુકમ સુન્નત છે.

બાળક દસ વરસનું થઈ જાય ત્યારે મારીને (પણ) નમાઝ પઢાવવું સુન્નત છે.

●

કોઈ કોમનો આબરૂદાર (પ્રતિષ્ઠિત) માણસ હોય તો તેની સાથે

ઈઝઝતથી પેશ આવવું સુન્નત છે.

●

પોતાના સમયમાંથી કેટલોક સમય અલ્લાહની ઈબાદત માટે, કેટલોક સમય ઘરવાળાઓના હકો અદા કરવા માટે જેમ કે હસવું, બોલવું (વગરે) માટે અને કેટલોક સમય પોતાના બદનની રાહતના માટે કાઢવું સુન્નત છે.

●

સરવરે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પર દુરૂદ શરીફ પઢતાં રહેવું.

●

પડોશીની સાથે એહસાન કરવું, મોટાંઓની ઈઝઝત કરવી. નાનાઓ પર રહમ કરવી સુન્નત છે.

કોઈ સગાં -સંબંધી બદસુલૂકી (ખરાબ વ્યવહાર) કરે તો (પણ) તેની સાથે સુલૂક (સદ્‌વર્તન)થી પેશ આવવું સુન્નત છે.

●

જ્યારે બાળક જન્મે ત્યારે તેના જમણા કાનમાં અઝાન અને ડાબા કાનમાં તકબીર કહેવી સુન્નત છે.

જ્યારે બાળક સાત દિવસનું થઈ જાય ત્યારે તેનું સારું નામ રાખવું. કોઈ બુઝુર્ગથી ખારેક ચવડાવીને બાળકના મોઢામાં નાંખવું કે ચટાવવું સુન્નત છે.

●

પડોશીને પોતાના તરફથી કોઈ તકલીફ ન થાય એની કાળજી રાખવી, તેને સારી વાત કહેવી. નહિતર ખામોશ રહેવું સુન્નત છે.

●

સિલારહમી (રહમપૂર્વક વર્તન–વ્યવહાર) કરવી સુન્નત છે.

●

નાફ (દૂંટી) નીચેના, બગલના અને નાકના વાળ સાફ કરવા (કાઢવા) સુન્નત છે.

જો ચાલીસ દિવસ વીતી જાય અને સફાઈ ન કરે તો ગુનેહગાર થશે.

■

એક મુઠ્ઠી કરતાં વધારે (લાંબી) દાઢી રાખવી કે એક મુઠ્ઠી જેટલી રાખવી સુન્નત છે.★

મૂંછોને કતરાવવું, કતરાવવામાં મુબાલગહ કરવું સુન્નત છે.

●

જેઓ દુન્યવી રીતે કમજોર છે તેમનો ખ્યાલ રાખવો અને જેઓ દીની રીતે વધારે દીનદ.ર છે તેવા લોકોનો (પણ) ખ્યાલ રાખવો સુન્નત છે.

ડાબી તરફ ટેક લગાવવું સુન્નત છે.

●

બીવીનું દિલ ખુશ કરવા માટે તેની સાથે ગમ્મત કરવું અને હંસી (ગમ્મત—વિનોદ)ની વાત કરવી પણ સુન્નત છે.

●

ફજરની નમાઝ બાદ ઇશરાક સુધી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મસ્જિદમાં મુરબ્બઅ (આલતી પાલતી અર્થાત્ પલાંઠી મારીને) બેસતા હતા.

પોતાના અસ્હાબ (સાથીઓ)માં પણ આપ મુરબ્બઅ (પલાંઠી મારીને) બેસતા હતા.

અલબત્ત, નાનાઓએ મોટાંઓની સામે દો—ઝાનૂ (નમાઝની જેમ પગોને

★ દાઢી રાખવી વાજિબ છે :
એક મુઠ્ઠી જેટલી (લાંબી) રાખવી સુન્નતે મુઅક્કદહ છે :
એક મુઠ્ઠી કરતાં ઓછી કરવી નાજાઇઝ છે.
દાઢીની વધારે પડતી લબાઇ પણ સુન્નતથી ખિલાફ છે.

('અલ અખ્તિયાર શર્હુલ મુખ્તાર.' ભાગ—૪, પા ૧૬૭)

પાછળ વાળીને બેસવું) વિનય–વિવેક અને આદરની દૃષ્ટિએ વધારે યોગ્ય હોવાનું લખ્યું છે. *('શામી' ભાગ : ૧)*

•

પોતાના મુસલમાન ભાઈને પ્રફુલ્લિત ચહેરાથી મળવું અને તેને બેસાડવા માટે પોતાની જગાએથી કંઈક ખસી જવું, ભલે સહેજ જ ખસવાનું હોય સુન્નત છે.

•

સવારી પર તેના માલિકને આગળ બેસવા માટે કહેવું અને તેની સ્પષ્ટ પરવાનગી વગર આગળ ન બેસવું સુન્નત છે.

(અત્ત અહક્કુલ સદરિદાબ્બાતિ અલ હદીસ)

દુરૂદે ઈબ્રાહીમ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط اَللّٰهُمَّ بَارِكْ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ كَمَا بَارَكْتَ عَلٰٓى اِبْرَاهِيْمَ وَعَلٰٓى اٰلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ ط

• • •

سُبْحٰنَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ﴿١٨٠﴾ وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ ﴿١٨١﴾ وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ ﴿١٨٢﴾ (الصّٰفّٰت ٣٧: ١٨٠-١٨٢)

✪ પ્રકરણ—૧૧ ✪

જુમ્આના દિવસના નવ આ'માલ

નીચે જણાવેલા નવ આમાલ પર જુમ્આના દિવસે અમલ કરવાથી એક વરસના રોઝા અને એક વરસની નમાઝનો સવાબ હરેક કદમ પર મળે છે :

(૧) બીજા દિવસો કરતાં જુમ્આના દિવસે સવારે કંઈક વહેલા ઊઠવું.

(૨) ગુસલ કરવું.

(૩) સાફ (સ્વચ્છ) કપડાં પહેરવા.

(૪) મસ્જિદે જલદી જવાની ફિકર કરવી.

(૫) મસ્જિદે પગે ચાલીને જવું.

(૬) ઈમામની નજીક બેસવાની કોશિશ કરવી.

(૭) જો સફો ભરાઈ ગઈ હોય તો સફોને ઓળંગીને (ફલાંગીને) આગળ ન જવું.

(૮) પોતાના કપડાંથી કે વાતોથી રમત—ગમત યા હસી—મઝાક ન કરવી.

(૯) ખુત્બાને ધ્યાનથી સાંભળવો.

આ ઉપરાંત,

જુમ્આના દિવસે જે કોઈ 'સૂરએ કહફ' પઢશે તેના માટે અર્શના નીચેથી આસમાનના બરાબર બુલંદ એક નૂર જાહેર થશે, જે કિયામતના અંધારામાં તેને કામ આવશે અને આ જુમ્આથી અગાઉની જુમ્આની તમામ ખતાઓ (સગીરહ અર્થાત્ નાના ગુનાહો) તેના માફ થઈ જશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે કે,

'જુમ્આના દિવસે મારા પર વધારે પ્રમાણમાં દુરૂદ મોકલતા રહો. એ

દિવસે દુરૂદના ફરિશ્તાઓ હાજર થાય છે અને દુરૂદ મારી સમક્ષ પેશ કરવામાં આવે છે.' *(ઈબ્ને માજહ)*

જુમ્અહની નમાઝની મહાન ફઝીલતો

(૧) હઝરત અબૂ હુરૈરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જે માણસ સારી રીતે વુઝૂ કરી નમાઝ માટે આવ્યો અને ચુપચાપ બેસી ખુત્બો સાંભળ્યો તો એના ગુનાહો માત્ર એક જુમ્અહથી બીજી જુમ્અહ સુધીના જ નહિ, બલકે ત્રણ દિવસના ઔર વધુ ગુનાહ પણ બખ્શી દેવામાં આવે છે.'' *(મુસ્લિમ)*

(૨) હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જુમ્અહની નમાઝ એક જુમ્અહથી બીજી જુમ્અહ સુધીના અને રમઝાનના રોઝહ એક રમઝાનથી બીજી રમઝાન સુધીના ગુનાહો માટે કફફારહ છે. શરત એ કે કબીરા ગુનાહોથી બચેલો રહે.'' *(મુસ્લિમ)*

(૩) હઝરત યઝીદ બિન મરયમ (રદિ.) બયાન કરે છે કે, ''હું જુમ્અહની નમાઝ પઢવા જઈ રહ્યો હતો એટલામાં મને રસ્તામાં હઝરત અબાયહ બિન રિફાઅહ (રદિ.) મળી ગયા. તેમણે મને પૂછયું, ''કયાં જાઓ છો ?'' મેં કહ્યું, ''જુમ્અહની નમાઝ માટે જઈ રહ્યો છું.'' તેમણે કહ્યું, ''મુબારક હો ! તમારું એ ચાલવું ! એ તો અલ્લાહના રસ્તે ચાલવું છે.'' જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું છે કે, ''જે બંદાના પગો અલ્લાહના માર્ગે ધૂળવાળા બન્યા તેના ઉપર આગ હરામ છે.'' *(તિરમિઝી)*

(૪) હઝરત સલમાન ફારસી (રદિ.) ફરમાવે છે કે જનાબ સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે, ''જુમ્અહના દિવસે જે ગુસલ કરે છે, માથામાં તેલ નાખે છે, ખૂશ્બુ લગાડે છે, સારી રીતે પાકસાફ થાય છે, નમાઝ માટે જાય છે ને જેટલી નમાઝ અલ્લાહે તેના નસીબમાં લખી છે તેટલી જ નમાઝ પઢે છે, ખુત્બા વખતે ચૂપ રહે છે, મુસલમાનોમાં ફુટફાટ નાંખતો નથી તો અલ્લાહ તઆલા એ બંદાના એક જુમ્અહથી લઈને

બીજી જુમ્અહ સુધીના ગુનાહો માફ કરી દે છે.''★ *(બુખારી)*

(૫) હઝરત ઔસ બિન ઔસ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જે માણસે ગુસલ પોતે કર્યું અને ગુસલ કરાવ્યું.✱ ફરી નમાઝે જુમ્અહ માટે વહેલો આવ્યો, પગપાળા ચાલ્યો, ઈમામની પાસે બેઠો, ખુત્બો સાંભળ્યો, કોઈ નકામું કામ ન કર્યું તો એનાં દરેક ડગલે એક વર્ષની ઈબાદતનો અજર લખાય છે.'' *(અબૂ દાવૂદ)*

(૬) હઝરત ઔસ બિન ઔસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''સર્વે દિવસોમાં અફઝલ જુમ્અહનો દિવસ છે. એ જ દિવસે હઝરત આદમ અલયહિસ્સલામ પેદા થયા; એ જ દિવસે તેમની વફાત થઈ, એ જ દિવસે સૂર ફૂંકાશે, જેથી એ દિવસે મારા ઉપર ઘણું જ દુરૂદ પઢયા કરો. તમારું દુરૂદ મારી સામે પેશ થાય છે.'' કોઈએ પૂછયું, ''આપ તો માટી થઈ જશો. વફાત પછી આપનું શરીર ધૂળમાં મળી જશે. ફરી દુરૂદ કેવી રીતે પેશ થઈ શકશે ?'' જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે ''અલ્લાહ તઆલાએ નબીઓનાં શરીરોને જમીન ઉપર હરામ કરી દેવામાં આવ્યાં છે.'' *(અબૂ દાવૂદ)*

(૭) હઝરત અબૂ હુરૈરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જુમ્અહના દિવસે એક ઘડી એવી છે કે એ ઘડીએ જે દુઆ માંગવામાં આવે તે કબૂલ થઈ જાય છે.''✪

(બુખારી, અબૂ દાવૂદ)

★ એ રિવાયત તબરાની અને ઇમામ અહમદે હઝરત અબૂ ઐયૂબ અનસારી (રદિ.)થી નકલ કરી છે.

✱ ''ગુસલ કરાવ્યું'' આ પોતાની પત્ની સાથે સોહબત કરવા તરફ સૂચન છે. એ જ પ્રકારની રિવાયત ઇમામ અહમદે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર બિન આસ (રદિ.)થી નકલ કરી છે.

✪ એ ઘડી સંબંધી જો કે આલિમો વચ્ચે મતભેદ છે, પરંતુ સહીહ વચન એ છે કે એ ઘડી જુમ્અહના દિવસ અસરની નમાઝથી લઇને મગરિબ સુધીના વચ્ચેના ગાળામાં છે. બીજું કથન એ છે કે ઇમામના મિમ્બર ઉપર બેસવાથી લઇને નમાઝ પૂરી થાય ત્યાં સુધીના વચ્ચેના વખતે એ ઘડી છે.

(૮) હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જુમ્અહના દિવસનું ગુસલ ઈન્સાનના ગુનાહોને દરેક વાળની જડથી ખેંચી કાઢે છે.'' *(તબરાની)*

(૯) હઝરત અબૂ હુરૈરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જુમ્અહને દિવસે પહેલી ઘડીએ જે માણસ નમાઝ માટે પહોંચી ગયો તેને એક ઊંટની કુરબાનીનો સવાબ મળે છે. બીજી ઘડીએ જનારને ગાયનો અને ત્રીજી ઘડીએ જનારને બકરીનો, ચોથી ઘડીવાળાને એક મરઘીનો અને પાંચમી ઘડીવાળાને એક ઈંડાનો સવાબ મળે છે. જ્યારે ઇમામ ખુત્બહ માટે બહાર આવે છે ત્યારે ફરિશ્તાઓ ખુત્બહ સાંભળવામાં લાગી જાય છે.'' *(બુખારી)*

મતલબ એ છે કે ખુત્બાની પહેલાં પહેલાં આવનારનો સવાબ મંડાતો રહે છે. પણ ખુત્બો શરૂ થઈ ગયા પછી એ મામલો બંધ થઈ જાય છે.

(૧૦) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઉદ (રદિ.) ફરમાવે છે કે સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે કે, ''જુમ્અહની હાજરીમાં જે તરતીબ (ક્રમ) હશે તે જ તરતીબ અલ્લાહની પાસે બેસવામાં હશે, પરંતુ જે પહેલો આવ્યો હશે તે કિયામતમાં અલ્લાહ તઆલાની તદ્દન નજીક હશે, બીજો બીજા નંબરે, ત્રીજો ત્રીજા નંબરે, ચોથા નંબરવાળો પણ અલ્લાહથી કંઈ વધુ દૂર ન હશે.'' *(ઈબ્ને માજહ)*

મતલબ એનો એ છે કે જુમ્અહની નમાઝ માટે મસ્જિદે જલદી જવું અલ્લાહ તઆલાની નજદીકીની નિશાની છે.

(૧૧) હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) રિવાયત કરે છે કે જનાબ હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જુમ્અહના દિવસે જે માણસ સૂરએ કહ્ફ પઢશે તેના માટે બે જુમ્અહ દરમ્યાન એક નૂર ચમકતું રહેશે.'' *(નસાઈ)*

(૧૨) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે જુમ્અહના દિવસે સૂરએ કહ્ફ પઢનારના પગથી લઈને આસમાન સુધી નૂર ચમકતું હશે અને

બંને જુમ્અહના દરમ્યાન જે ગુનાહો થયાં હશે તે માફ થઈ જશે.''
(ઈબ્ને મઅરૂવિયહ)

(૧૩) હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''પાંચ અમલ (કૃત્યો) એવા છે કે જે માણસ તેમને એક જ દિવસમાં અમલ કરી લેશે તો અલ્લાહ તઆલા તેનું નામ જન્નતીઓમાં લખી દેશે : (૧) બીમારપુર્સી માટે જવું. (૨) જનાઝામાં ભાગ લેવું. (૩) દિવસભર રોઝો રાખવું. (૪) જુમ્આની નમાઝ માટે જવું અને (૫) ગુલામ આઝાદ કરવું. *(ઈબ્ને હિબ્બાન)*

(૧૪) હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.) અને હઝરત ઈમરાન બિન હુસૈન (રદિ.) બયાન કરે છે કે જનાબ સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું; ''જે માણસ જુમ્અહના દિવસે ગુસલ કરે છે તેના તમામ ગુનાહો માફ થઈ જાય છે. જ્યારે તે નમાઝ પઢવાના ઈરાદે ચાલે છે તો એનાં દરેક ડગલે વીસ નેકીઓ લખવામાં આવે છે, ને જ્યારે તે નમાઝથી ફારિગ થઈ જાય છે તો એને બસો વર્ષની ઈબાદતનો સવાબ મળે છે.''★ *(તબરાની)*

(૧૫) હઝરત અબૂ મૂસા અશ્અરી (રદિ.) બયાન કરે છે કે આકાએ દો જહાં સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''કિયામતમાં એ સર્વે દિવસો પોત પોતાની હાલત ઉપર લાવવામાં આવશે; પણ જુમ્અહના દિવસને એક નૂરાની અને રોશન ચહેરા સાથે લાવવામાં આવશે. જુમ્અહ પઢનારાઓ એને નવા વર કે વધુ પેઠે ઘેરી તેના અજવાળામાં ચાલી રહ્યા હશે. તેમનો રંગ બરફ પેઠે ઘણો જ ઉજળો હશે, ને તેમના શરીર કસ્તુરી પેઠે મહેંક મહેંક થઈ રહ્યા હશે, એ લોકો કપુરના ટેકરાઓ ઉપર ફરતા હશે. એમને જોઈ તમામ લોકો નવાઈ પામશે અને એમને વારંવાર જોશે, અંતે એ લોકો જન્નતમાં દાખલ થશે. એમના મરતબાને જે મુઅઝ્ઝિનો અલ્લાહ માટે જ પાંચ વખત અઝાન કહે છે તેમના સિવાય કોઈ માણસ પહોંચી શકશે નહિ.''
(તબરાની, ઈબ્ને ખુઝૈમહ)

★ એક રિવાયતમાં હઝરત અબૂ બક્ર સિદ્દીક (રદિ.)થી એમ બયાન કરવામાં આવ્યું છે કે, "એ માણસને દરેક ડગલે વીસ વર્ષની ઇબાદતનો સવાબ મળે છે."

મતલબ એ છે કે આ દુન્યાની દરેક ચીજને કિયામતના દિવસે એક શકલ -એક રૂપ મળશે, જે વડે કિયામતના લોકો ઓળખી લેશે. દાખલા તરીકે નમાઝને એક ખાસ રૂપ આપવામાં આવશે, રોઝહને એક રૂપ, રમઝાનને એક ખાસ રૂપ, એ જ મુજબ વાર, માસ પણ એક શકલ અને રૂપમાં પેશ થશે. બીજા દિવસોને તો સાધારણ રૂપ આપવામાં આવશે, પરંતુ જુમ્અહને એક નૂરાની અને ચમકદાર હાલતમાં મેદાને કિયામતમાં પેશ કરવામાં આવશે કે જુમ્અહની પાબંદી કરનારા અને જુમ્અહને પૂરી સંભાળ સહિત અદા કરનારા જુમ્અહના દિવસને ચારે તરફથી એ પ્રમાણે ઘેરી લેશે, જેમ બરાતી (જાનૈયા) દુલ્હા દુલ્હનને ઘેરી લે છે. સર્વે જુમ્અહ અદા કરનારાઓ જુમ્અહનાં નૂર અને એનાં અજવાળામાં મેદાને કિયામત પસાર કરી જન્નતમાં દાખલ થઈ જશે.

(૧૬) હઝરત અબૂ હુરૈરહ (રદિ.) અને હઝરત હુઝયફહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''અલ્લાહ તઆલાએ અમને જુમ્અહનો દિવસ આપી તમામ પાછલી ઉમ્મતો ઉપર ફઝીલત અતા કરી છે. યહૂદીઓને શનિવારનો દિવસ આપ્યો. ઈસાઈઓને રવિવાર આપ્યો. એ લોકો કિયામત સુધી આપણા કરતાં પાછળ રહેશે. આપણે દુન્યામાં સૌ કરતાં પાછળ આવ્યા ને કિયામતમાં આપણી મગફિરત સૌથી પહેલાં થશે.'' *(મુસ્લિમ)*

(૧૭) હઝરત અનસ (રદિ.) બયાન કરે છે કે સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો હુકમ છે કે, ''જુમ્અહનો દિવસ અને રાત્રીમાં ૨૪ કલાકો છે, ને દરેક કલાકે અલ્લાહ તઆલા ૬૦૦ જહન્નમીઓને જહન્નમથી આઝાદ કરે છે.'' *(અબૂ યઅલા)*

(૧૮) હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ હુઝૂરે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જે માણસે જુમ્અહની રાતે સૂરએ હામીમ દુખાન પઢી તેના માટે ૭૦ હજાર ફરિશ્તાઓ ઈસ્તિગફાર પઢે છે ને તેના સર્વે ગુનાહો માફ કરી દેવામાં આવે છે.'' *(તિરમિઝી)*

(૧૯) હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.) બયાન કરે છે કે સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, ''જે માણસ

જુમ્આના દિવસે ''સૂરએ આલિ ઈમરાન'' પઢે છે તેના ઉપર અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તાઓ સૂરજ આથમતાં સુધી દુરૂદ મોકલે છે.''

(તબરાની)

(૨૦) આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત છે કે જે જુમ્આની નમાઝ પછી સૂરએ ઈખ્લાસ (કુલ હુવલ્લાહુ અહદ) ૧૦૦ (સો) વખત અને દુરૂદ શરીફ ૧૦૦ (સો) વખત અને સિત્તેર (૭૦) વાર નીચેની દુઆ પઢશે તો અલ્લાહ તઆલા તે માણસની ૧૦૦ (સો) જરૂરતો પૂરી કરશે, જેમાંથી ૩૦ (ત્રીસ) દુનિયાની અને ૭૦ (સિત્તેર) આખિરતની. તે દુઆ આ છે :

اَللّٰهُمَّ اكْفِنِىْ بِحَلَالِكَ
عَنْ حَرَامِكَ وَاَغْنِنِىْ
بِفَضْلِكَ عَمَّنْ سِوَاكَ ط

અર્થ : હે અલ્લાહ તઆલા ! હરામથી બચાવી, પોતાના હલાલ વડે તું મારી કિફાલત ફરમાવ. તું મારા વતી જવાબદાર બની જા અને પોતાના ફઝલ વડે તું મને પોતાના ગેરથી બેનિયાઝ ફરમાવી દે.

(હદીસ) સઆદતે દારૈન મૌ. અશરફ અહમદ રાંદેરીની કિતાબ)

(૨૧) જુમ્આની નમાઝ પછી જે માણસ ૧૦૦ (સો) વખત **''સુબ્હાનલ્લાહિલ અઝીમિ વ બિહમ્દિહી''** પઢશે તો તે પઢનારના અને તે પઢનારના માં–બાપના અલ્લાહ તઆલા એક–એક લાખ ગુનાહો માફ કરશે. *(સઆદતે દારૈન મૌ. અશરફ અહમદ રાંદેરીની કિતાબ)*

● ● ●

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ وَبِحَمْدِهٖ

✪ પ્રકરણ–૧૨ ✪

હુકૂકુલ ઈબાદ વિશે

● ઈમાનવાળા તો સાંગોપાંગ ભલાઈ અને બરકત રૂપ છે. સદાસર્વદા કલ્યાણદાયી મંગલકારી ને પુણ્યશાળી ય. તેઓ જ્યાં જાય ત્યાં સારાં કામો બજાવે–સારી વાતો અપનાવે.

● તમે તેમને પરસ્પર હેતપ્રેમ ને માયા–મુહબ્બત દાખવનારા જોશો. એક–બીજા સાથે ભાઈચારો અને સુલેહસંપ રાખનારા, એક કલિમાવાળા એક અંગ સમા, એક દિલ ને નેક દિલ !

● ઈમાનવાળા તો ખજૂરીના ઝાડ જેવા છે. જેમ ખજૂરીનો દરેક ભાગ ઉપયોગી તેમ ઈમાનવાળાય માનવજાતને લાભ જ લાભ દેતા હોય, નુકસાન નહીં.

(જન્નતના ચાળીસ રસ્તા–પ્રકાશન નં ૧૦૮ પ્રકાશન વિભાગ : દારુલ ઉલૂમ–ભરૂચ)

ઈન્સાનના હકો કુર્આન અને હદીસ શરીફની રોશનીમાં :

(૧) યતીમની જિમ્મેદારી ઉઠાવવાનો મહાન સવાબ અને ફઝીલત :

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સમાજમાં કચડાયેલા સપડાયેલા ગરીબ ફકીર યતીમ જેમનું સમાજમાં કોઈ સ્થાન નથી. બેવહ મઅઝૂર, જેમનો કોઈ આસરો–સહારો નથી. તેમને સાથ–સહકાર આપનાર -મદદ કરનાર પોતાની કમાઈ વેપાર -નોકરી કે ખેતીની આવકમાથી મદદ કરનારા–તેમની સહાય કરનારાઓ માટે કેટલું ઉચ્ચ સ્થાન રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આપ્યું છે, જે ઈમામે બુખારી (રહ.)એ પોતાની મહાન કિતાબ સહીહ બુખારી શરીફમાં ત્રણ હેડીંગો લગાડી લખ્યું છે. વાંચી અમલ કરી કામ્યાબી મેળવો.

પહેલું હેડીંગ : એ માણસની ફઝીલત જે કોઈ એક યતીમના (ખાવા–પીવા–કપડા) બાબતની જિમ્મેદારી ઉઠાવે. હઝરત સહલ ઈબ્ને સઅદ (રદિ.) રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે હું ખાતમુન્નબીય્યીન હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને યતીમની જિમ્મેદારી ઉઠાવનારા જન્નતમાં આ પ્રમાણે હશે, શહાદતની આંગળી અને વચલી આંગળી તરફ ઈશારો ફરમાવ્યો. (બુખારી શરીફ ભાગ–૨, પેજ–૮૮૮) એ વાત તરફ ઈશારો છે કે, બન્ને આંગળી નાની–મોટી છે. વચલી આંગળી શહાદતની આંગળી અંગુઠા પાસેની આંગળીથી મામૂલી થોડીક મોટી છે. એવી રીતે જન્નતમાં જવા પછી ફક્ત દરજએ નબુવ્વતનો ફર્ક હશે.

બીજું હેડીંગ : એ જ પેજમાં છે, બેવહ (જેનો ધણી મરી ગયો હોય) તેની જરૂરિયાત પૂરી કરવા માટે મહેનત કરનારનો (સવાબ) હઝરત સુફયાન ઈબ્ને સુલૈમ (રદિ.) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે, જે માણસ બેવહ માટે કમાણી કરે (પોતાની કમાણીમાં બેવહ માટે અમુક (ટકા)ની નિય્યત કરે, તેને એટલો સવાબ મળશે જાણે કે તે અલ્લાહના રસ્તામાં જિહાદ કરનારો અને દિવસે રોઝહ રાખનારો અને રાત્રે તહજ્જુદ પઢનારો છે. *(બુખારી શરીફ ભાગ–૨, પેજ ૮૮૮)*

ત્રીજું હેડીંગ : ફકીર–મિસ્કીનની જરૂરત પૂરી કરનારા માટેની ફઝીલત હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, બેવહ, ફકીર માટે જેઓ કમાણી કરે છે તેઓ જિહાદ કરનારાઓ અને રાત્રે તહજ્જુદ પઢનારા અને દિવસે રોઝહ રાખનારા જેવા છે. એવી તહજ્જુદ કે જેમાં સુસ્તી નથી કરતા. (બુખારી શરીફ ભાગ ૨, પેજ ૮૮૮) વિચાર કરો, બેવહ જેનો ધણી મરી ગયો, સમાજ–સોસાયટીમાં તેને કોઈ પૂછનાર નથી. તેની સાથે કોઈ શાદી કરનાર નથી. અમુક ધર્મો જેને મનહુસ સમજે છે, અમુક ધર્મોના મત મુજબ એવી અવરતને જીવન જીવવા લાયક પણ સમજતા ન હતા. ધણી સાથે તેને પણ મરી જવું, ચિતા ઉપર તેને પણ સળગાવી આપવું જરૂરી સમજતા હતા. સમાજમાં એવી અવરત મોં દેખાડવા લાયક સમજાતી ન હતી. અગર જીવવાનો હક કોઈ ધર્મે આપ્યો તો તે એ લાયક ગણવામાં કે સમજવામાં

નહીં આવતી કે એ પણ ઈદ્દત પછી શણગાર કરી શકે એના તરફ મહેરબાની કે મીઠી નજરે જોઈ શકે. એવી બેવહ અવરતની મદદ સાથ–સહકારની નિય્યત ફકત અલ્લ.હ માટે પોતાની કમાણીમાં કરી અથવ. કોર્ટ કચેરીનું લફરૂં ઊભું થવ.થી કોઈ અલ્લાહનો બંદો એની મદદ માટે દોડધામ કરે, સાથ–સહકાર આપે, તેના કપડા, ખોરાકી બ.બતની વ્યવસ્થ. કરે અથવા પોતે ગરીબ હોવાથી કોઈ માલદાર સાહિબે ખૈર અથવા કોઈ સંસ્થા કે અંજુમનથી મદદ અપાવવા બાબત સહકાર અપાવ્યો.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પોતાના સાથે જન્નતમાં જવ. બાબતની ખુશખબરી આપી રહ્યા છે અને મહાન માન–મરતબો જન્નતમાં મહાન દરજા બાબત વાયદો ફરમાવી રહ્યા છે કે ફકત દરજ્જએ નબુવ્વતનો ફર્ક રહેશે. એ મુજબ યતીમ જેનો બ.પ મરી જાય અને છોકરો કે છોકરી બાલિગ નહિ થયા હોય (જ્યાં સુધી નાબાલિગ હોય યતીમ કહેવાય છે.) એવા યતીમની જિમ્મેદારી ખોરાકી, કપડાં બાબત અથવા પઢવા–ભણવા લાયક થવાથી મદ્રસહ સ્કુલ, દારુલ ઉલૂમ બાબત જેનાથી ઈલ્મે દીન શીખી ઈન્સાન બની કૌમ–મઝહબ માટેની જીમ્મેદારી સમજી શકે એ બાબતનો ખર્ચ ઉઠ.વ્યો. એવી જ રીતે ગરીબ ફકીર મિસ્કીન, જે પોતાની જરૂરત પોતાના માસૂમ બચ્ચાઓનો ખર્ચ કપડાં ખોરાકી દવાનો દુન્યાનો જરૂરી ઈલ્મ અને દીની ઈલ્મ બાબત નથી ઉઠાવી શકતો એવા ગરીબની જીમ્મેદારી ઉઠાવી, જેનાથી તેની અવલાદ–બાલબચ્ચાઓ સુખચેન રાહતથી જીવન ગુજારી શકે એવી ઝિમ્મેદારી ઉઠાવનારાઓ માટે રસૂલુલ્લાહ (સલ્લલ્લ.હુ અલયહિ વ સલ્લમ) ફરમાવી રહ્યા છે કે અલ્લાહના રસ્તામાં જિહાદ કરવ. બર.બર છે અને તેને એવો સવાબ મળશે કે હમેશા હંમેશ જિંદગીભર રોઝા રાખતો હોય અને પૂરેપૂરી રાત તહજ્જુદ પઢતો રહ્યો. વિચાર કરો, અમુક દીની તાલીમથી દુર ઈસ્લામી રૂહથી મહરૂમ–ઈશ્રાક, ચાશ્ત પઢી પોતાને જ દીનદાર સમજે છે, બીજાઓને તુચ્છ હકારતની નજરથી જુએ છે. એ પ્રમાણે અમુક મકતબ મદ્રસાઓમાં બેસી ગયા એટલે જન્નતનું રીઝર્વેશન સમજી લીધું કે અમારા વગર કોઈ મઝહબી દીની માણસ નથી, આ મહાન જહાલત છે. ઈસ્લામ ધર્મ દીન–દુન્યા અલગ કરવ. માટે નથી, બલકે દુન્યા અને ઈન્સાનના દરેક કામોને ઈબાદત -બંદગી બનાવવા માટે ઉતારવામાં આવ્યો છે. ઈશ્રાક–ચાશ્ત–ચિલ્લાઓ કે મકતબ–મદ્રસહમા

પઢાવવું, મસ્જિદ–મદ્રસાની ઈમારત બનાવવી દીને મઝહબ છે, જન્નતમાં જવાનું કારણ છે. અલ્લાહની રઝા–ખુશી હાસિલ કરવા માટેનું કારણ છે. તો દુકાન–કારખાનું–નોકરી ખેતીવાડી, જે દુન્યા કમાવવાનું સાધન છે. રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવી રહ્યા છે કે એવો માણસ જે પોતાની કમાણીમાં યતીમ–બેવા ફકીરની નિય્યત કરે છે. મારી અવલાદની જરૂરિયાતથી રકમ બચશે તે રકમ મજકુર લોકો ઉપર ખર્ચ કરીશ. વિચાર કરો, મજકુર ગરીબ આપણાં જ હોય, દાદા પોતાના પૌત્રા કે પૌત્રોની નિય્યત કરે. કાકા યતીમ ભત્રીજા કે ભત્રીજી કે ગરીબ ભત્રીજી–ભત્રીજા કે બેવહ પૌત્રી કે બેવહ ભત્રીજીની જરૂરિયાતનો ખ્યાલ કરે, જરૂરત પૂરી કરે. મજકુર સવાબ મળશે અને બીજી સહીહ ઘણી હદીસોના આધારે તો સગાઈ સંબંધના લઈ વધુ સવાબ મળશે અને સગાંઓનો હક પારકા કરતાં વધારે છે. ઈન્સાનોની જરૂરિયાત ખોરાક, કપડા,મકાન, દવાદારૂ, સ્કુલ, મદ્રસા, દારુલ ઉલૂમ કિતાબો– ચોપડા– ટયુશન બાબત જ નથી, બલકે દુન્યામાં નવા નવા ફિત્નાઓ થઈ રહ્યા છે, તો મજકુર યતીમ–ગરીબ–બેવહની જરૂરત ગ્રામ પંચાયત લોકલ બોર્ડ, મ્યુનિસિપાલિટી, તાલુકા, જીલ્લા, કોર્ટ, હાઈકોર્ટ બાબત ગામ કે તાલુકા–કે જીલ્લા લેવલ ઉપર કોઈપણ સિયાસી પોલિટીકલ પાર્ટીનો સભ્ય હોદ્દેદાર કે વકીલ કે મોભેદાર ઈઝઝત–આબરૂવાળો કે કોઈ કૌમ મઝહબનું કે ગરીબનું દુઃખ, દર્દ ઓળખી અલ્લાહના માટે અમને સાથ–સહકાર આપે. એમના રોકાયેલા અટકેલા અટવાયેલા કામો પોતે કરે, સિફારિશથી કરાવે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નાં ફરમાન મુજબ મજકુર મહાન સવાબ મળશે. માટે એસેમ્બલી કે પાર્લામેન્ટ કે જિલ્લા–તાલુકા લેવલ ઉપર કામ કરનારાઓ જેઓ મઝલૂમોની મદદ કરશે, મજકુર સવાબના હકદાર બનશે.

યતીમોની ઝિમ્મેદારી ખર્ચ ઉઠાવવા બાબત સવાલો

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે હું અને યતીમની ઝિમ્મેદારી ઉઠાવનાર જન્નતમાં વચલી અને શહાદતની આંગળીના જેમ રહીશું. *(બુખારી શરીફ)* બીજી રિવાયતમાં છે કે યતીમ તેનો હોય કે બીજાનો. *(બુખારી શરીફ)*

ફાયદો ૧. યતીમ : એ છોકરો–છોકરી, જે નાબાલિગ હોય અને તેનો બાપ મરી ગયો હોય. બાપના મરણથી છોકરું યતીમ બને છે અને ઉંમર લાયક થવાથી યતીમ હોવું ખત્મ થઈ જાય છે.

૨. યતીમ બીજાનો હોય કે પોતાનો, તેની સાથે કોઈ સંબંધ નથી. તેના બાપનું મરણ થયું તો બીજો અજનબી જે સગો નથી. પોતાના દાદા, દાદી, પોત્રા–પોત્રીની ઝિમ્મેદારી ઉઠાવે તો મજકૂર યતીન બચ્ચું તેનું થયું. નાના, નાની, નવાસા, નવાસીની ઝિમ્મેદારી ખર્ચ ઉઠાવે તો જમાઈના મરણથી છોકરીના છોકરા તેના સગાં છે. તે સગાં યતીમો જે નવાસા, નવાસી છે. એ મુજબ કાકો, ફોઈ, ભત્રીજા, ભત્રીજીની ઝિમ્મેદારી ઉઠાવે. ભાઈના મરણથી તો તેના યતીમો માટે સગા યતીમોની ઝિમ્મેદારી ઉઠાવવાથી પણ મજકૂર મહાન સવાબ મળશે.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જેણે મુસલમાનના યતીમ બચ્ચાને પોતાના ખાવામાં ભાગીદાર બનાવ્યો. અલ્લાહ તઆલા તેને જન્નતમાં દાખલ કરશે. યકીનના સાથે કહું છું, પરંતુ એવું કામ કરે જેની માફી નથી. (તિરમિઝી શરીફ) જે કામની માફી નથી, માણસ મુરતદ બની કાફિર કે યહૂદી કે નસરાની બની જાય. બીજી હદીસમા છે કે યતીમની ઝિમ્મેદારી ઉઠાવી અહિંયા સુધી કે યતીમ પોતાના પગ ઉપર ઊભો થઈ ગયો તો તેના માટે જન્નત છે. *(તબરાની)*

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે દસ્તરખ્વાન પર યતીમ બેસે છે તે દસ્તરખ્વાન પર શયતાન નથી બેસી શકતો. *(તબરાની)*

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે ઘરોમાં સૌથી મહબૂબ ઘર અલ્લાહ તઆલા સમક્ષ એ ઘર છે, જેમાં યતીમની ઈઝઝત કરવામાં આવતી હોય. *(તબરાની)*

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે મુસલમાનોનું સારામાં સારું ઘર તે છે કે જેમાં યતીમ સાથે સારો સુલૂક કરવામાં આવતો હોય અને ખરાબમાં ખરાબ ઘર તે છે કે જેમાં યતીમ હોય અને તેની સાથે ખરાબ વર્તાવ કરવામાં આવતો હોય. *(ઈબ્ને માજહ શરીફ)*

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે કોઈ મરદ કે અવરત યતીમ છોકરા કે છોકરીના માથા ઉપર અલ્લાહ વાસ્તે હાથ ફેરવે તો દરેક વાળના બદલે સવાબ મળશે. *(ઈમામે અહમદ)*

મજકુર રિવાયતો પઢો, વારંવાર પઢો. યતીમ બચ્ચાંઓ સાથે અને તે પણ અલ્લાહના માટે જન્નતમાં જવાનો હકદાર બની રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને તેનામાં ફક્ત દરજએ નબુવ્વતનો ફર્ક હશે. પ્યાર— મહોબ્બતના લઈ હાથ ફેરવનારને દરેક બાલ બરાબર સવાબ મળશે. દુનિયામાં સારામાં સારું ઘર તે છે, જેમાં યતીમ બેસી ખાઈ—પીએ કે નાસ્તો કરે તો શયતાન તે ખાવામાં ભાગીદાર નથી બનતો. તે ખાણું શયતાની અસરાતથી પાક—સાફ રહે છે.

બદકિસ્મતીથી આજે યતીમના હકો બરબાદ કરવામાં આવે છે. યતીમની મિલકતો હજમ કરવામાં આવી રહી છે. બદનઝરી કરી તેના માલને બરબાદ કરે છે. મજકૂર હદીસો પઢો. અલ્લાહનો ખૌફ—ડર પેદા કરી અલ્લાહની ખુશી હાસિલ કરો.

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવે છે કે કસમ છે તે ઝાતની કે મારી રૂહ જેના કબઝામાં છે. અલ્લાહ તઆલા એ મર્દ—અવરતને અઝાબ કદી પણ નહીં આપે, જે યતીમ ઉપર રહમ કરે. વાતમાં તેની સાથે નરમી કરે અને તેના યતીમ અને કમઝોર હોવાના લઈ તેના ઉપર રહમ કરે. *(તબરાની)*

(૨) જે બેવહ યતીમ બચ્ચાઓના લઈ શાદી નહિ કરે તેની ફઝીલત (સવાબ)

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, હું અને એ ઓરત જેનો ચહેરો ફિક્કો પડી ગયો છે વચલી અને શહાદતની આંગળીના જેમ જન્નતમાં રહીશું. એવી ઓરત જે ખૂબસુરત છે અને સારા ખાનદાનની છે, પરંતુ ધણી મરી જવાથી તેના માસુમ બચ્ચાના લઈ તેણે શાદી નહીં કરી. અહિંયા સુધી કે તે બચ્ચાઓ (મોટા થવાથી) જુદા થઈ ગયા અથવા મરી ગયા. *(અબૂ દાવૂદ શરીફ)*

અર્થ : અવરત ખૂબસુરત છે. સારા ખાનદાનની છે. મંગનીઓ આવી રહી છે, પરંતુ ધણીના મરણથી માસુમ બચ્ચાની ઝિમ્મેદારી–ઉછેર કરવાથી માસુમ બચ્ચાની મુહબ્બતમાં સવાર–સાંજ લાગેલ રહેવાથી મંગનીઓ ઠુકરાવી આપી શાદી નહીં કરી.

ધણી નહીં હોવાથી, સારા કપડાં કે ઝીનત, તેલ કે સુરમો કે ખુશ્બૂ ખૂબસુરતી માટેનો ઠાઠ કરતી નથી.

અથવા બચ્ચાઓ માટેની ઝિમ્મેદારી ઉઠાવવાથી બચ્ચાઓની ખિદમતમાં લાગેલી હોવાથી ઘરમાં બેસી દરજીકામ, ભરતકામમાં લાગેલી રહી. હલાલ રોજી માટે મહેનત કરી પોતાની ઝાતને ખિદમતમાં લગાડી જુવાનીને બરબાદ કરી નાખી. ચેહરો ફિક્કો પડી ગયો. ફક્ત એ માટે શાદી નહીં કરી કે યતીમ બચ્ચાઓનું શું થશે ?

સાવકો બાપ બચ્ચાઓને ગુલામ કે બાંદી કે નોકરના જેમ વાપરશે. બચ્ચાઓને દુઃખ પહોંચાડશે.

અથવા શાદી કરવાથી બીજા ધણીનાં ત્યાં જશે તો નાનો કે નાની કે ખાલા કે મામો બચ્ચાંઓને તકલીફ આપશે, નોકરના જેમ વાપરશે અથવા એ બીકથી કે શાદી કરશે તો દાદો કે દાદી કે કાકો કે ફોઈ અવલાદને તકલીફ પહોંચાડશે. એ માટે જે બેવહ અવરતે શાદી નહિ કરી, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તેને જન્નતની ખુશખબરી આપી રહ્યા છે અને ફરમાવી રહ્યા છે કે જન્નતમાં જવા પછી ફક્ત દરજએ નબુવ્વતનો ફરક રહેશે. બીજી રિવાયતમાં છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જ્યારે જન્નતનો દરવાજો ખુલશે તો એક અવરત જલ્દી જલ્દી મારાથી આગળ જન્નતમાં દાખલ થવા કોશિશ કરશે તો હું કહીશ., રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવશે તને શું થઈ ગયું. કેમ જલ્દી કરે છે, તું કોણ છે ? તો તે અવરત કહેશે કે 'હું એવી અવરત છું કે મારા બચ્ચાઓના લઈ હું બેસી રહી.' *(અબૂ યઅલા)*

વિચાર કરો કે જે અવરત માસુમ બચ્ચાઓ–યતીમોના લઈ બેસી રહી, શાદી ન કરી જુવાની બરબાદ કરી નાંખી. ઈઝઝત–આબરૂ પાક દામની સાથે દિવસો ફક્ત બચ્ચાઓના લઈ ગુઝારી આપ્યા.. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમ) ફરમાવી રહ્યા છે કે જલ્દી જલ્દી જન્નતમાં જવા કોશિશ કરશે. અલ્લાહ તઆલ. આપણ સૌને યતીમોના હકો અદા કરવાની તવફીક અતા ફરમાવે, આમીન.

(૩) સગાઈના હકો અદા કરનારને પાંચ નેઅમતો અને તેની બરકતો

(૧) ઉંમરમાં બરકત (૨) રોઝીમાં વધારો (૩) સગાં–સંબંધીઓની મુહબ્બત. (૪) ખરાબ મૌતથી હિફાઝત. (૫) જે ચીજો નાપસંદ છે, તેનાથી હિફાઝત.

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જેને એ વાત પસંદ હોય કે રોજીમાં બરકત અને મૌત મોડું આવે તો સગાઈનાં સંબંધને જોડે.

(બુખારી, મુસ્લિમ શરીફ)

હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે, જેને એ વાત પસંદ હોય કે તેની ઉંમર અને રોજીમાં વધારો અને ખરાબ મૌતથી હિફાઝત થાય તો અલ્લાહનો ખૌફ ડર પેદા કરે અને સગાઈનાં સંબંધને જોડે. સગાંઓની ભૂલોને માફ કરે. મુહબ્બત, મેળ–મેળાપથી રહે.

હઝરત અનસ (રદિ.) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવતા હતા કે સદકો–ખયર.ત અને સિલહરહમીથી ઉંમરમાં અલ્લાહ તઆલા વધારો કરે છે અને ખરાબ મૌતથી બચાવે છે અને દરેક નાપસંદ ખરાબ ચીઝોથી અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવે છે.

વિચાર કરો, આજે અમીર,ગરીબ, ફકીર, હાકિમ, મહકુમ, વડીલ કે તેમના નીચેના નોકરો કે અવલાદથી સવાર–સાંજ શું સાંભળીએ છીએ. કામ નહિ થયું. આજે નહિ થાય. ફાઈલ નથી આવી. સાહેબ નથી. કાગળ ઉપર ભાર નથી. કાગળ ઉડી ગયું. ફાઈલ આપી નથી. ફાઈલ મળતી નથી. મેનેજર ન હતો. મેનેજરે કહ્યું, વેપાર મંદ છે. નફો વધારે નથી. રસાકસીનો વેપાર થઈ ગયો. બસમાં જગ્યા નથી. રેલમાં ભીડ હતી. ગજવું કપાઈ ગયું. બીમારી

ઓળખાતી નથી. ડૉ. બદલવો પડયો. હાર્ટ ઍટેક થયું. આવી બધી બાબતો શું આપણે નથી સાંભળતા ? મજકુર શિકવા–શિકાયતથી બચવું હોય તો તેના માટે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) શું ફરમાવી રહ્યા છે. સદકો અને સગાઓ સાથે મેળ, મિળાપ–મુહબ્બત, સુલૂકાય, એમની પરેશાની, બીમારી કર્ઝમાં સહાયક મદદગાર બની એમનો બોજ–ભાર ઉઠાવી એમની તકલીફો–પરેશાનીઓ હલકી કરી દૂર કરો. માલ અને ઉંમરમાં બરકત હાસિલ કરો. અલ્લાહવાળાઓ–સખી દિલ અને નેક દિલ લોકોનાં દસ્તરખાન ઉપર મહેમાની કરનારા જાણી શકે અને હઝરત શયખુલ હદીસ મવ મુહમ્મદ ઝકરિય્યા સા. (રહ.) ફરમાવતા હતા કે અલ્લાહ તઆલા બરકત આપે તો નાની તપેલીથી ૧૦૦/૨૦૦ માણસો ખાય શકે અને બરકત ઉઠાવી લે તો એક ડેગથી ૧૦ ૧૫ માણસો ખાય લે. આજે પણ બરકત જોવી હોય તો ગામડાઓમાં દીનની ખિદમત કરનારા હાફિઝો આલિમો જે મામૂલી પગારમાં કામ કરે છે, સાંભળી વાંચી આશ્ચર્ય કરશો. મામૂલી પગારમાં ગુજરાન કરે એ માલની બરકત છે. જે બરકત દુકાનદારો, વકીલો, મોટા મોટા પગાર લેનારા માણસોના ત્યાં જોવામાં નથી આવતી.

ઉંમરમાં બરકત, જ્યાં જે કામ માટે જાય તો જલ્દી થઈ જાય. ઉંમરમાં બરકત એનું નામ છે. થોડા ટાઈમમાં ઘણું કામ થઈ જાય. જે કામ માટે જાય, કામ જલ્દી પતી જાય. થોડાક ટાઈમમાં ઘણું કામ કરી લે એ ઉંમરની બરકત છે. બજાર કે દુકાનો કે ઓફિસો બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન–કે શહેરોમાં જોઈ લો કે જિંદગીનો કિંમતી ટાઈમ બરફના જેમ પાણી બની ખત્મ થઈ રહ્યો છે, પરંતુ સમજમાં નથી આવતું કે કિંમતી ટાઈમ બરબાદ થઈ રહ્યો છે એનાં વિરુદ્ધ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ફરમાન મુજબ અમલ કરનારા, સગાઈના હકો અદા કરનારા, ડોકટર,વકીલ, વેપારી, મેનેજર કે કારખાનાનો માલિક હોય કે મકતબ–મદ્રસાનો ઉસ્તાદ હોય તેમની જિંદગી–ઉંમરમાં બરકત જુઓ.. પોતાની જીવન જરૂરિયાત પૂરી કરી પાંચ ટાઈમની નમાઝ–મદ્રસા કે સ્કૂલનું શિક્ષણ કે દીની જમાઅત સંસ્થાનું કામ ટાઈમસર કરી અનેકના દુઃખ દર્દમાં ભાગીદાર બની આખિરતની જિંદગીને કામ્યાબ બનાવે છે. એ માટે જોવું હોય તો પાછલો ઈતિહાસ ઉઠાવીને જુઓ. હઝરત હાજી ઈમદાદુલ્લાહ મક્કી (રહ.), હઝરત મવ. રશીદ અહમદ

ગંગોહી (રહ.), હઝરત મવ. હકીમુલ ઉમ્મત થાનવી (રહ.) હઝરત મવ. ખલીલ અહમદ સા. (રહ.), હઝરત મવ. ઈલ્યાસ (રહ.), હઝરત શયખુલ ઈસ્લામ મદની સા.(રહ.), હઝરત શયખુલ હદીસ મવ. મુહમ્મદ ઝકરિય્યા સા. (રહ.)ની જિંદગીમાં બરકત જુઓ. એક એક મુજાહિદ વલીએ એ કામ કર્યું જે એક સંસ્થા જમાઅત–સોસાયટી–અંજુમન પણ નથી કરી શકતી. એ ઉંમરની બરકત છે.

નં. ૩. તિરમિઝી શરીફમાં છે કે સગાસંબંધીઓ મુહબ્બત કરશે, કારણ કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે, જ્યારે માણસ અલ્લાહના હુકમોનું પાલન કરે છે તો અલ્લાહનો મહબૂબ બને છે તો અલ્લાહ તઆલા આસમાનમાં મુનાદી કરાવે છે કે હું ફલાણાથી મુહબ્બત કરું છું, તમો પણ મુહબ્બત કરો તો એ મુનાદી (અવાજ) આસમાન પછી જમીન ઉપર કરવામાં આવે છે કે અલ્લાહ તઆલા ફલાણા બંદાથી મુહબ્બત કરે છે તો તમો પણ મુહબ્બત કરો તો જમીનવાળાઓ તેનાથી મુહબ્બત કરે છે. *(બુખારી શરીફ)*. તો મજકુર હદીસથી સાબિત થયું અને દરેક મુસલમાનનો અકીદો છે કે નફો–નુકસાન, મુહબ્બત–દુશ્મની અલ્લાહ તરફથી આવે છે તો જે માણસ સગાઈના હકો અદા કરે છે, સખાવત કરે છે, સદકો–ખયરાત કરે છે, સગાસંબંધીઓથી તકલીફ પહોંચી હોય તો માફ કરી સગાઈના રિશ્તાને વધારે છે. એનો અર્થ એ છે કે જેઓ તમારા સાથે દુશ્મની કરે, નિંદા–ગીબત–ચુગલી કરે, લડાઈ ઝઘડો કરે તેની સાથે નેક સુલૂક કરો–સારો વર્તાવ કરો. તેમની ઈઝઝત કરો. માફ કરો. પ્રસંગ આવે દઅવતની લીસ્ટમાં એવા દોસ્તો–સગાઓનું નામ પહેલાં લખો. એ જ સુલુકાથ છે તો એવા માણસે જેણે પોતાના નફસની ઈસ્લાહ આ પ્રમાણે કરી લીધી હશે, કરી લેશો તો સગો ગમે તેવો પથ્થર દિલનો હશે તો તે બે સારા બોલ બોલવા મજબૂર બનશે. અલ્લાહ તઆલા એવા માણસનું દિલ પણ એવા સખી દાતા તરફ ફેરવી તેમનાં દિલોમાં પણ મુહબ્બત પેદા કરશે.

માલદાર સગો નફસ, ખ્વાહિશાત બુઝાવી, મીટાવી ફક્ત અલ્લાહ તઆલા માટે તેના હુકમ આદેશના લઈ સુલૂક કરે છે તો એવો માણસ અલ્લાહનો મહબૂબ બને છે તો અલ્લાહ તઆલાનો મહબૂબ બનવાથી મખ્લૂકનું દિલ તેના તરફ માઈલ થાય છે. સગાંઓના દિલોમાં પણ મુહબ્બત

જન્મશે તો ખાનદાનમાં તઅલ્લુક–સંબંધ જોડાઈ મુહબ્બત પેદા થઈ સમાજમાં ભલાઈનું વાતાવરણ પેદા થશે.

ચોથી બરકત સગાં સંબંધીઓ સાથે મેળમેળાપથી, સગાઈના હક્કો અદા કરવાથી ખરાબ મોતથી હિફાઝત થશે. હાકિમે મજકૂર વધારાને સહીહ કહ્યો છે. ઈમામે અહમદ (રહ.)ના ફરઝંદ અબ્દુલ્લાહે મજકૂર વધારાને નકલ કર્યો છે જે પણ દુનિયામાં આવ્યો તેનું મરણ થવાનું જ છે, પરંતુ દુનિયા સમજે છે, બોલે છે, જુએ છે કે ફલાણો માણસ કૂતરાની મૌત મરી ગયો. જુલાઈ ૮૬ ના છેલ્લા પખવાડિયામાં ''ગુજરાત મિત્ર''માં આવ્યું હતું કે બે માણસોનું એકિસડન્ટ થયું, પરંતુ તેની લાશ સુરતના પ્લેટફોર્મ ઉપર લારીમાં હતી, પરંતુ કપડું પણ નહીં હતું અને માખીઓ ઉપર હતી. એનાથી 'ગુજરાત મિત્રે' બીજા દિવસે તંત્રી લેખ પણ લખ્યો હતો. કેટલી મહાન ઈબ્રત લેવાની છે. અનેક હદીસોમાં બયાન છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ખરાબ મોત (મરણનું કારણ ખરાબ હોય) જેનાથી લોકોને નફરત થાય તેનાથી પનાહ માંગતા હતા. *(બુખારી શરીફ, ભા. ૧)*

ખરાબ મોતના અમુક પ્રકાર છે

(૧) દુન્યવી ફિત્નામાં સપડાય ઈમાનથી મહરૂમ બને. (૨) બીમારી–માંદગી એટલી લાંબી બને કે માણસ કમજોર હોવાના લઈ બેસબ્ર બની મોતની તમન્ના કરે અને દુન્યવી મુસીબતોથી કંટાળી મોત માંગવું જાઈઝ નથી; પરંતુ દીની મુસીબતો, ફિત્નાઓના લઈ મોત માંગવું જાઈઝ છે. (૩) અચાનક હાર્ટ ફેઇલ કે અકસ્માતથી મરણ થઈ જાય કે માફી–સાફી, તૌબા, વસીયતનો મોકો જ ન મળે.

એવી ખરાબ મોતથી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પનાહ માંગતા હતા.

સગાઓ સાથે સુલૂકાય કરવામાં દિલ મજબૂત હોવા જોઈએ. અગર સગો બદઅખ્લાકી કરે, આદતો ઠીક નથી, સગાનો માનમરતબો રાખતો નથી, માલદારની ખુશામદ–ચાપલૂસી કરતો નથી, જે લોકોને ઘણી પસંદ છે અને એમાં પણ ઘાસ કરતાં સુખરાઓનું જોર વધારે–ની કહેવત મુજબ

માલ તો યૂ. કે. અથવા અમેરિકા–કેનેડાવાળાનો અને પાવર ભારતીયને અને એવા ભારતીયો કે સગો પરદેશથી મોકલે, પરંતુ અહિંયા મેળ–મેળાપ નથી અથવા અહિંયા ગરીબ સગો ખુશામદ–ચાપલુસી નથી કરતો તો એવાઓ સાથે સંબંધ તોડી મજકૂર નેઅમતથી મહરૂમ બને છે.

અથવા બીમારી લાંબી થઈ દવાદારૂ કરનારા ધણી–ધણિયાણી, છોકરા–છોકરીઓ કે પૌત્રા–પૌત્રીઓ ઉપર બોજ બનવાથી તેઓ પણ તમન્ના કરતા થઈ જાય કે જલ્દી જનાઝો નીકળે કે રાહત મળે. નમૂનારૂપે અમુક ખરાબ મૌતના પ્રકાર લખ્યા છે માટે ઈમાન ઉપર ખાતિમો થવા માટે, ખરાબ મૌતથી બચવા માટે સિલારહમી, સગાઈના હકો અદા કરી રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ)ની બશારત હાસિલ કરવાની તવફીક અલ્લાહ તઆલા અતા ફરમાવે, આમીન.

પાંચમી બરકત રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની બશારત–ખુશખબરી કે તબિયત વિરુદ્ધ નાપસંદ કામો જેને માણસ સારા નથી સમજતો, જેનાથી માણસને ડર–બીક લાગે છે, અલ્લાહ તઆલા તેનાથી હિફાઝત ફરમાવે છે. વિચાર કરો. આજે કોણ માણસ છે કે તેને તબિયતના મનપસંદ કાર્ય વગર એવા કામોનો સામનો નથી થતો કે જે તેને પસંદ ન હોય. ઘરવાળીની શિકાયત, બચ્ચાઓની શિકાયત, મહોલ્લાવાળાઓની શિકાયત, અંજુમન મહેફિલ, કમિટીની શિકાયત, વિચાર કરો કે સગા–સંબંધીઓનાં હકોને બરબાદ કરવાની નહુસત અમો જોઈ રહ્યા છે અને એ નહુસત એટલી બધી વધી ગઈ છે કે સવાર–સાંજ દુન્યાના માહોલમાં આ સાંભળી રહ્યા છીએ. અલ્લાહ તઆલા હિફાઝત ફરમાવે, આમીન.

(૪) માં–બાપની ખિદમત–સેવાચાકરી

ઈસ્લામે દરેક માનવી ઉપર મખ્લૂકની ખિદમતની જે જવાબદારીઓ સુપ્રત કરી છે એમાં સૌથી મહાન અને પ્રથમ જવાબદારી ''માં–બાપની ખિદમત'' છે. અલ્લાહ તઆલાએ પોતાની બંદગી એટલે પોતાના હક પછી જે હકનો આદેશ આપ્યો છે એ ''માં–બાપની ખિદમત''નો આદેશ છે. કુર્આન શરીફમાં છે કે,–

અર્થ : અને અલ્લાહની બંદગી કરો અને સાથે કોઈને ભાગીદાર ન બનાવો અને માં—બાપની સાથે સારો સુલૂક કરો.

(પારા—૧૫, સૂરએ બની ઈસરાઈલ)

એક મશહુર હદીસ છે, ''જો અવલાદ પોતાના માં—બાપનું ઘડપણ જુએ એટલે ઘડપણમાં એના માં—બાપ જીવંત હોય અને અવલાદ એમની ખિદમત—સેવા ન કરે તો એવી અવલાદ માટે હઝરત જિબ્રઈલ (અલૈ.)એ લા'નત—ફીટકારની બદદુઆ કરી અને આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અલ્લાહ તઆલાના હુકમથી એ બદદુઆ પર ''આમીન'' કહી.

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તે મુજાહિદો—સૈનિકોને જિહાદ—લડાઈમાં જવાથી રોકી આપ્યા, જેમના માં—બાપને એમની સેવાની જરૂર હતી. (રોકવાનું કારણ એ જ હતું કે) એ લોકો ખેતી અને વેપારમાં મહેનત કરી પોતાના માં—બાપની સેવા માટે નાણાં કમાય, હાથ—પગથી સેવા કરે અને રૂપિયા—પૈસા વડે પણ એમની સાથે સારો સુલૂક કરે.

નોટ :— જિહાદ ફર્ઝે કિફાયહ અને માં—બાપની ખિદમત કરનાર ન હોય તો ખિદમત ફર્ઝે ઐન છે. માટે ઘરડા માં—બાપની ખિદમત—ચાકરી કરનાર કોઈ ન હોય તો છોકરા ઉપર માં—બાપની ખિદમત ફર્ઝે ઐન થવાથી કિફાયહના બદલે જવું જાઈઝ નથી.

(૫) મોટા ભાઈની ખિદમત

માતા—પિતા પછી મોટા ભાઈનો માનમરતબો માં—બાપ બરાબર છે. બેઉ જહાંના સરદાર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; ''મોટા ભાઈનો હક નાના ભાઈઓ ઉપર એવો છે, જેવો માં—બાપનો હક અવલાદ ઉપર.'' *(હદીસ)*

હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હિદાયત ફરમાવી છે કે, ''જે મોટો માણસ પોતાના નાનાઓ ઉપર દયા ન કરે અને જે નાનાઓ પોતાના મોટાઓની ઈઝઝત ન કરે તે અમારામાંથી નથી.'' *(ઈબ્ને અબ્બાસ)*

મોટા ભાઈ નાના ભાઈ—બહેનો સાથે નરમીનો સુલૂક કરે. નાના

ભાઈ–બહેનોએ મોટાભાઈની ઈઝઝત કરવી, તેમનો માન–મરતબો જાળવી સારો સુલૂક કરવો જરૂરી છે. નહિ તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવી રહ્યા છે કે મારી નસીહત–મારા શિક્ષણ ઉપર જેઓ અમલ નથી કરતા તેઓ સાથે મારો કંઈ પણ સંબંધ નથી. *(હદીસ)*

હદીસો :

(૧) હઝરત અબૂ ઉમામહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રહમતે આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી એક માણસે પૂછયું કે હુઝૂર ! (સલ.) માં–બાપનો અવલાદ પર શો હક્ક છે ? તો ફરમાવવામાં આવ્યું કે, ''એ બન્ને તારા (માટે) જન્નત અને જહન્નમ છે.'' *(ઈબ્ને માજહ)*

એટલે કે તાબેદારી કરવામાં જન્નત અને નાફરમાની કરવામાં જહન્નમ છે.

(૨) હઝરત મુઆવિયા (રદિ.) બયાન કરે છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''માં–બાપના પગ નીચે જન્નત છે.'' *(તબરાની)*

(૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''માં–બાપનો નાફરમાન જન્નતમાં દાખલ થશે નહિ.'' *(નસાઈ શરીફ)*

રહમ પ્યાર–મુહબ્બતની એક નજર હજ્જે મકબૂલ બરાબર છે

હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, જે માણસ પોતાના માં–બાપ તરફ રહમની નજરથી જુએ તો દરેક નજર પર એક મકબૂલ હજ્જનો સવાબ મળશે તો સહાબા (રદિ.)એ કહ્યું, અગર દિવસમાં સો વાર જુએ તો પણ ! તો રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, અલ્લાહ ઘણો જ મોટો છે, ઘણો જ પાક અને પવિત્ર છે. *(બયહકી)*